Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

मग्नान्संसृतिवारिधौ हतसुखान्दृष्ट्वा जनानां व्रजान्
तानुद्धर्तुमना दयार्द्रहृदयो रुध्वेंद्रियाश्वाञ्जवात्
जन्तूल्मा जहि ज्ञानतः प्रशमय क्रोधादिशत्रूनिति
'आत्मानन्द' मादिशदसौ जीयाज्जिनेंद्रः प्रभुः १॥

पु. १९. | वीर सं. २४४८ आश्विन आत्म सं. २६ | अंक ३ जो

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ સિદ્ધિકૈવલ્ય ઉત્સવ વા દિપોત્સવી પર્વ. ... ... ... | ૬૭ | ૪ ચેતનને. ... ... ... ... | ૭૭ |
| ૨ આપણામાં ઉચ્ચ કેળવણી પ્રસાર કરવાનો હેતુ. ... ... ... | ૬૮ | ૫ દ્રવ્યનો ઉપયોગ. ... ... ... | ૭૮ |
| ૩ કેશરનો કોયડો કોણ અને ક્યારે ઉકેલશે ? ... ... ... ... | ૭૫ | ૬ પ્રેરણા અને આરોગ્ય ... ... | ૮૫ |
| | | ૭ ગ્રંથાવલોકન. ... ... ... | ૮૮ |
| | | ૮ વર્તમાન સમાચાર... ... ... | ૮૯ |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આત્માનંદ પ્રકાશ માસિકનો ( અમારો ) સત્કાર.

વીજાપુર—( ઉત્તર ગુજરાત )

તા. ૬–૧૦–૨૧

શ્રી આત્માનંદ પ્રકાશના સેક્રેટરી સાહેબ—

લી૦ વકીલ વીરપાળ વર્ધમાન શેઠના જયજીનેંદ્ર;

લખવાનું કે આત્માનંદ પ્રકાશનું પુસ્તક ૧૯ હાલ ચાલે છે તેનો ૧–૨ અંકો મળ્યા છે તે પુસ્તક ૧૯માના નીચેના શખસોને ગ્રાહકો ગણી દરેકને પહેલો બીજો અંક મોકલશો. અમારા લવાજમના પુસ્તક ૧૯ના પૈસા પણ સાથે આજરોજ મ. ઓ. થી રવાના કર્યા છે.

* * * * *

આ માસિક દરેક જૈનબંધુઓએ વાંચવાની ઇચ્છા રાખવી જોઇએ અને ઇચ્છા રહે તો અઠવાડીક કે પખવાડીક પેપર થવું અવશ્યનું છે. હું માનું છું કે ગ્રાહકો લવાજમની વૃદ્ધિ માટે ના નહી કહે.

* * * * *

હું તો ગઈ સાલથી ગ્રાહક છું, પરંતુ માસિકના અંકો અમૂલ્ય વિષયોથી ભરપુર જણાય છે જેથી અઠવાડીક થતાં તે વાંચવા ઇચ્છા રાખું છું.

દા. વકીલ વીરપાળ વૃદ્ધમાન.

## મુનિ મહારાજાઓને નમ્ર વિનંતિ.

૧ જે જે મુનિ મહારાજા આ માસિક અમુક અમુક શ્રાવક મારફત લવાજમથી મંગાવે છે, તે તે મુનિ મહારાજા વિહાર કરી એક સ્થળેથી બીજે સ્થળે વિચરતા માસિક તે તે સ્થળે મોકલવા અમોને પત્રદ્વારા નહીં જણાવતાં હોવાથી, પ્રથમના સ્થળે માસિક મોકલતાં તે પાછા આવે છે તેમજ ગેરવલે પડે છે અને બીજે સ્થળેથી મંગાવતાં ફરી મોકલવા પડે છે અથવા સીલીકે ન હોવાથી અમો મોકલી શકતાં નથી. જેથી તેઓએ કૃપા કરી વારંવાર જે સ્થળે તેઓ બીરાજતા હોય, ત્યાં મોકલવા માટે પત્રદ્વારા અમોને જણાવવા કૃપા કરવી, નહીતો તે સિવાય ગેરવલ્લે જતાં હોવાથી કે નહીં પહોંચતા હોવાથી હવે અમો મોકલી શકીશું નહીં. જેથી અમોને પ્રથમ ખબર આપવા કૃપા કરશે.

૨ જે જે મુનિ મહારાજાઓને ભેટ જાય છે—તેઓશ્રીએ પણ ઉપરની હકીકત ધ્યાનમાં લઇ અમોને લખી જણાવવા કૃપા કરવી. તે સિવાય ઉપર મુજબ નહીં પહોંચતા હોવાથી ફરી મોકલી શકીશું નહી.

## મુનિ મહારાજાઓને વિનંતિ.

હાલમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે, જેમાં નંબર ૨ માં અર્ધ સહાય મળેલ હોવાથી અડધી કિંમતે ( પાંચ આના ) લઇ આપવાનો છે. નં–૧ ભેટ આપવાનો છે, જેથી જે જે મુનિમહારાજાઓ મંગાવશે તેમને મોકલવામાં આવશે. દરેક સમુદાયના વિદ્યમાન વડિલ મુનિરાજશ્રી મારફત મંગાવવા વિનંતિ છે.

૧ અણુત્તરોવવાઇસૂત્ર. ૨ સિદ્ધ પ્રાભૃત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

408

# આત્માનન્દ પ્રકાશ.

तत्त्ववेदिष्वात्मनोऽन्तर्भावमभिलषता सकलकालं सर्वेण स्वविकल्पजल्पाचरणानां सार्थकत्वं यत्नतः परिचिन्तनीयम्, तद्वेदिनां च पुरतःकीर्तनीयम्, ते हि निरर्थकेष्वप्यात्मविकल्पजल्पव्यापारेषु सार्थकत्वबुद्धिं कुर्वाणमनुकम्पया वारयेयुः ।

पुस्तक १९ ] वीर संवत् २४४८ आश्विन. आत्म संवत् २६. [ अंक ३ जो.

ॐ

॥ श्री वीरायनमः ॥

## सिद्धि कैवल्य उत्सव. वा दिपोत्सवि पर्व.

( સ્ત્રગ્ધરા વૃત્ત, )

જે રાત્રિમાં ત્રિયોગે ચરમ જીનપતિ વીર સિદ્ધિ સુહાવે,
પામે કૈવલ્ય પશ્ચાત્ ગણધર ગુરૂ ગૌતમાન્યત્ત્વ ભાવે;
સિદ્ધિ કૈવલ્ય ઉત્સવ સુરવર કરે આત્મશુદ્ધિ નિમિત્તે,
ધ્યાવો એ [1] યુગ્મ ભાવે ભવજલ તરવા પર્વ દિપોત્સવિતે.

V. D.

૧ શ્રીમાન્ વીર-પ્રભુ અને ગૌતમસ્વામી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણામાં ઉચ્ચ કેળવણીનો પ્રસાર કરવાનો ખાસ ઉદ્દેશ ( હેતુ. )

( પ્રેષક સદ્દગુણાનુરાગી કર્પૂરવિજયજી—વઢવાણ કેમ્પ )

૧ હાલના રાજકર્ત્તાઓ તરફથી વ્યવહારિક કેળવણી સંબંધી બહોળો ફેલાવો થયેલો પ્રત્યક્ષ જોઇ અન્ય કોમના આગેવાન ઉદાર ગૃહસ્થો પોતાની કોમના તમામ મનુષ્યો એક સરખો લાભ મેળવી શકે તેવા હેતુથી સ્થળે સ્થળે સાંસારિક સ્થિતિ સુધારવાને સારૂ સાંસારિક જ્ઞાન અને તેનીજ સાથે નીતિ વધારવાને તથા ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત થવાને, કાંઇ પણ બદલાની ઇચ્છા સિવાય ફક્ત પરમાર્થ બુદ્ધિથી તન મન અને ધન સંબંધી યથાયોગ્ય શક્તિ પ્રયુંજી શાળાઓ સ્થાપન કરે છે; એટલુંજ નહિ પણ તેમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ વગેરેથી મદદ કરી પોતાના જાતિ ભાઈને જ્ઞાન સંબંધી અને સાંસારિક સ્થિતિ સંબંધી સારી પાયરી ઉપર આવતાં જોઇ પોતે સંતોષ માને છે. એવા એકથી વધારે દાખલા પ્રત્યક્ષ નજર તળે છતાં આપણી જૈન કોમ તે સંબંધે બહુ પછાત છે એમ કહેવાને કાંઇ આંચકો ખાવા જેવું નથી. માટે જૈન કોમનાં બાળકોને હાલના જમાનાને અનુસરી ગુજરાતી અને અંગ્રેજી જ્ઞાન મેળવવાની સાથે જૈન ધર્મનું જ્ઞાન પણ પ્રાપ્ત થાય એવો ઇલાજ શોધવો જોઇએ.

૨ પાઠક વર્ગ કેળવણીથી વધી પરીક્ષામાં પસાર થાય તોજ હાલના રાજકર્ત્તા તેઓને પાઠક પદવી લાયક જાણી મોટા મોટા હોદ્દા બક્ષે છે. ત્યારબાદ તેઓ અભ્યાસ કરાવવાની પરવાનગી મળેથી તેઓ શાળાઓમાં ભણાવે છે. એવું છતાં પણ તેઓના ઉપરી પણ હોય છે. અને હજારો ગાઉમાં સ્થળે સ્થળે એક સરખુંજ શાળાનું બંધારણ જોવામાં આવે છે. જૈન કોમમાં હાલના સમયે જૈન જ્ઞાન મેળવવાને સારૂં સદ્દગૃહસ્થો ધનાદિથી મદદ કરી જૈન શાળાઓ સ્થાપન કરે છે. પરંતુ વ્યય થતાં ધનાદિનો યથાર્થ ઉપયોગ ન થવાથી તેનું પરિણામ સુધરતું નથી. તાજેતરમાં નીચે પ્રમાણે શાળામાં ખામીઓ જણાય છે.

૩ જેને પૂરૂં લખતાં વાંચતાં અને શુદ્ધ ઉચ્ચાર કરતાં પણ આવડતું ન હોય, તેવી સ્થિતિવાળાને શાળાનો માસ્તર ઠરાવવામાં આવે છે, એટલુંજ નહિ પણ તેનેજ શાળા સંબંધી સ્વતંત્રતા અર્પિત કરાય છે, એટલે તે પોતાની મરજી અનુસાર બાળકોને અભ્યાસ કરાવે છે. એમ થવાથી ધનાદિ મદદને લીધે શાળાતો કદાચ સ્થાયી ભાવે રહે છે, પરંતુ શુદ્ધ અભ્યાસ થતો નથી. એમ સ્પષ્ટ જોવામાં આવે છે. માટે અમુક સ્થળે શાળાઓના માસ્તરોની, અગાઉથી પરીક્ષાના વિષયોની જાહેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખબર આપીને પરીક્ષા થવી જોઇએ, અને પછી પરીક્ષાના પરિણામ ઉપર ધ્યાન આપી તેઓને લાભ આપવો જોઇએ.

૪ શાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને ધોરણસર એક સરખી રીતે અભ્યાસ થવાની ખરેખરી જરૂર છે. તેમ થવાથી શાળાઓમાં પરીક્ષા લેવાનું કાર્ય જેના શીર ઉપર નાંખવામાં આવે, તેને પરીક્ષા લેવાનું સુગમ થાય, અને તે ઉપરાંત સુધારા પણ થઇ શકે. માટે અભ્યાસીઓને સ્થળે સ્થળે એક સરખી રીતે અભ્યાસ થાય તેવું બંધારણ થવા તુરત ધ્યાન ખેંચાવું જોઇએ.

**કેવી શૈલીથી વ્યવહારિક તથા ધાર્મિક શિક્ષણ અપાવું જોઇએ ?**

૫ વ્યવહારિક કેળવણીને અનુસરતું ગુજરાતી છઠ્ઠાધોરણ સુધીનું જ્ઞાન જૈન પાઠશાળામાં આપવા ઉપરાંત ફક્ત બએ કલાક જૈન જ્ઞાન આપવાની આવશ્યકતા છે. સંસારિક સ્થિતિ સુધર્યા સિવાય ધાર્મિક જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, કેમકે પોતાનું ગુજરાન અને કુટુંબનું ભરણપોષણ હાલના જમાનામાં ઈંગ્રેજી અને ગુજરાતી જ્ઞાનને આધારે જોવામાં આવે છે. આ કામમાં ખર્ચનો બોજો વધારે છે તો પણ પોતાના જ્ઞાતિ, સ્વધર્મી ભાઇઓની સ્થિતિ સુધરે અને જ્ઞાનમાં પણ પ્રવીણ થાય એમ ઇચ્છનાર સદ્‌ગૃહસ્થોએ ખર્ચ તરફ ધ્યાન આપવાનું નથી. માટે જૈન શાળામાં મુખ્ય તો ગુજરાતી અને બની શકે તેટલું ઇંગ્રેજી જ્ઞાન મળવું જોઇએ.

૬ અત્યાર સુધીમાં અનેક સ્થળે જૈનશાળાઓને સ્થાપન થયાને ઘણો લાંબો વખત થયા છતાં તેમાંના વિદ્યાર્થીઓનો અભ્યાસ કોઇપણ સ્થળે પસાર થયો એવું જાહેરાતમાં આવ્યું નથી. તેનું મુખ્ય કારણ જૈનકોમમાં ઘણું કરીને હાલના સમયે નરમ સ્થિતિવાળો વર્ગ વધારે જોવામાં આવે છે. પોતે દ્રવ્યાદિએ સુખી થવાની ઇચ્છાને લીધે પોતાનાં બાળકોને સંસારિક જ્ઞાન લેવા તરફ તેઓના રક્ષકો વધારે પ્રેરણા કરે છે. અલબત સ્થિતિના સબબે તે અભ્યાસ પણ સંપૂર્ણ થતો નથી અને જૈન જ્ઞાન પણ મેળવાતું નથી. તેથી અંતે મૂળ સ્થિતિ ફરી શકતી નથી, કેમકે હાલની કેળવણીનો ખર્ચ બહુ વધી ગયો છે.

૭ આ બધી હકીકતથી જૈનવર્ગનું હિત વાંચ્છનારા મહાન પુરૂષોએ જૈન પાઠશાળામાં બન્ને ( સાંસારિક અને ધાર્મિક ) અભ્યાસ હમેશાં થઇ શકે તેવી યોજના કરવી જોઇએ.

૮ આજ ઘણે સ્થળે સામાયિકાદિ ષટ્ આવશ્યક પણ શુદ્ધ ઉચ્ચારથી ભણાતો હોય એમ જણાતું નથી. તેમજ ભણેલ અશુદ્ધ હોય તો તે સુધારવાની ઇચ્છા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધરાવતા હોય એમ પણ જણાતું નથી, એ ઘણુંજ ખેદકારક છે. ( વળી સંવચ્છરી જેવા મોટા દિવસોમાં જે શ્રાવક સૂત્રોનું ઘી બોલે તેજ ભણાવે એ ચાલ ભૂલભરેલો જણાય છે. કેમકે ખોટા ઉચ્ચારના આવશ્યક કરવા અને તે સાંભળવા તે કરતાં ઘીની ઉપજ ન થાય તો કાંઇ હાનિ થવા સંભવ નથી. માટે ધર્માચાર્યોએ શુદ્ધ ઉચ્ચારવડે આવશ્યક ક્રિયા કરાવનારનેજ આદેશ આપવો જોઇએ.

**ધર્મસ્થિતિ સુધારવા સંસારસ્થિતિ સુધારવાની જરૂર.**

૯ પાછળ કહ્યું તેમ જ્યાં સુધી સંસારિક સ્થિતિ ન સુધરે ત્યાં સુધી ધાર્મિક-સ્થિતિ સુધરવાનો સંભવ નથી. સંસારિક સ્થિતિ સુધારવા માટે ગુજરાતી અને ઇંગ્રેજી કેળવણી યોગ્ય રીતે મળવી જોઇએ. અને તેને માટે જૈન સમુદાય તરફથી મોટાં મોટાં શેહેરોમાં જૈન સ્કૂલો સ્થાપવી જોઇએ. કે જેમાં સરકારી કેળવણી ખાતાની જેમ કેળવણી આપવામાં આવે અને તે સાથે એક અથવા બે બે કલાક દરરોજ યોગ્યતાના પ્રમાણમાં ધર્મસંબંધી કેળવણી પણ આપવામાં આવે.

૧૦ ધર્મસંબંધી કેળવણી આપવી એટલે માત્ર "**नमो अरिहंताणं**" વગેરે સૂત્રપાઠ કંઠે કરાવવા, એમ સમજવું નહિ; પરંતુ બાળકોની શક્તિના પ્રમાણમાં પ્રારંભથીજ ઓછીવત્તી સમજુતી અર્થસહિત આપવી જોઇએ. બાળ વૃક્ષની પેઠે બાલ્યાવસ્થાથીજ ધીમે ધીમે જૈનધર્મનાં તત્ત્વો એવી રીતે તેના મનમાં ઠસાવવાં જોઇએ કે જેથી પુષ્ટ થયેલું વૃક્ષ જેમ નમાવી શકાતું નથી, તેમ મોટી ઉંમરે અન્યદર્શનીઓનાં શાસ્ત્રો વાંચીને કે યુરોપિયનોના સિદ્ધાંતો જાણીને તેનું મન લેશ માત્ર પણ ચલિત થાય નહિ. કદિ કોઈ હકીકત પ્રત્યક્ષ પ્રમાણાદિવડે જોતાં લક્ષમાં ઉતરે નહિ તો તે વખતે તેવી સમજણનાં શાસ્ત્રોનો વિરહ, ગિતાર્થ ગુરૂનો અભાવ અને પોતાની સમજણમાં ખામી વિચારી મધ્યસ્થ ભાવ વહન કરે.

૧૧ જ્યારે આવી રીતની જૈન કેળવણી આપવી ઠરે, ત્યારે તેવી કેળવણી આપનારા માસ્તરો જોઇએ, અને તેને માટે પરીક્ષા લેવાનું સ્થળ મુકરર કરી પરીક્ષા પણ લેવાવી જોઇએ, તેમજ તેમાં પાસ થયાના પ્રમાણમાં તેને પગાર મળવો જોઇએ અનેકામ પણ તેની યોગ્યતાના પ્રમાણમાં સોંપાવું જોઇએ. હાલમાં પરીક્ષા લીધા વિનાં માત્ર સૂત્રપાઠ, અર્થ સમજ્યા વિના ગોખીગોખીને કંઠે કરેલા માણસો મેહેતાજી તરીકે નીમાય છે અને તેઓ પોતાની આવડત પ્રમાણે શુદ્ધ કે અશુદ્ધ જેવું ભણાવે તેવું ચલાવી લેવામાં આવે છે. પરંતુ તેથી ખર્ચ માત્ર થાય છે, ધારણા ફલિભૂત થતી નથી.

૧૨ જૈનશાળાઓ કરી માસ્તરો રાખીને પગાર વગેરેનો ખર્ચ કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખ્ય ધારણા જૈન બાળકો શુદ્ધ ઉચ્ચાર સહિત જૈનજ્ઞાન શીખે અને તેના અર્થ સમજી જૈનધર્મનું સ્વરૂપ સર્વોત્કૃષ્ટ જાણી તેમાં દૃઢ થાય એવી હોય છે. જ્યારે આવી ધારણા અંતઃકરણમાં રાખવામાં આવે છે, ત્યારે તે ફલિભૂત થઇ કે નહિ ? અથવા કેટલે દરજ્જે થઇ ? તે જાણવા માટે દરેક જૈનશાળામાં અભ્યાસ કરનારાં વિદ્યાર્થીઓની નિયમિત વખતે પરીક્ષા લેવાવી જોઇએ.

૧૩ પરીક્ષા લેવાનું ધોરણ દાખલ કરવાનો વિચાર કરતા પેહેલાં અભ્યાસનું ધોરણ મુકરર કરવું જોઇએ. તથા અભ્યાસના સાધન તરીકે પુસ્તકોની યોજના દેશ-કાળને, વિદ્યાર્થીઓની ઉંમરને અને બુદ્ધિને અનુસરતી થવી જોઇએ. માસિકો, વર્ત્તમાનપેપરો, અને ભાષણો આદિ દ્વારા ધર્મજ્ઞાનના શિક્ષણની ખામી અને તે કેવી રીતે દૂર કરી શકાય, તેને માટે ઠેકાણે ઠેકાણે ચર્ચાઓ ચર્ચાઇ રહી છે; પણ સારા કામનો પ્રારંભ કરવામાં સર્વ કોઇ જાણે છે તેમ તે કાર્યને ઉપયોગી થઇ પડે તેવાં સાધનો ઉત્પન્ન કરવાં જોઇએ.

૧૪ અત્યારે ધર્મજ્ઞાનની શરૂઆત કરવા માટે નાનાં પુસ્તકો જો કે બહાર પડેલાં નજરે આવે છે, તથાપિ અફસોષ ! જેને જે રસ્તો ઉત્તમ લાગ્યો, તેણે તે સ્વેચ્છાએ જાહેરમાં મૂકયો. બીજાઓને પોતાના વિચારો કે પદ્ધતિ અનુકૂળ પડશે કે નહિ તેની દરકાર કરી નહિ. આ રીતે ધર્મજ્ઞાન ફેલાવવાનો રસ્તો વિવિધ મત, વિવિધ પદ્ધતિ, વિવિધ વિચારોવાળો પકડવાથી ધારેલું ફળ મળવું મુશ્કેલ છે. બાળકના તનમનને રૂચે, અને તેની શક્તિની હદમાંજ હોય એવાં બહુમતથી લખાયલાં ધર્મ-શિક્ષણનાં પુસ્તકો જોઇએ.

૧૫ અત્યારસુધીમાં બહાર પડેલાં પુસ્તકોની શૈલી એવી જોવામાં આવે છે કે, શીખવાનો આરંભ કર્યા પછી નિરસતાથી કે કઠિનતાથી શીખનાર તે કામ છોડી દે છે, શીખવામાં તેને ગમ પડતી નથી, તેથી તેને રસ ઉપજતો નથી, અને તે બન્નેથી તેનો ઉગતો ધર્મ-ભાવ નાબૂદ કે લગભગ નાબૂદ થઇ જાય છે. વળી મોટા અફસોસની વાત તો એ છે કે,—કેળવણીમાં આગળ વધેલામાંના ઘણાખરા માણસો ધર્મને કે દેવદર્શનને ખરેખર તિરસ્કારની નજરે જુએ છે! ઇંગ્રેજી ભણીને આગળ વધી ડીગ્રીઓ મેળવતા થયા એટલે તો તેમને ધર્મની જરૂરજ જાણે ન હોય? પરભાષા શીખ્યા એટલે જાણે પરધર્મીજ બની ગયા હોય એવો ભાસ થાય છે! ધર્મમાં આગળ વધેલા માણસોના હૃદયમાં આ વાતથી ખરેખર મોટો જખમ લાગ્યો છે. તેઓ ધારે છે કે કેળવણીમાં આગળ વધે એટલે તેઓ ધર્મમાં પણ આગળ વધવા જોઇએ, તેઓ એવા તો આસ્તિક અને ધર્મ-કાર્યમાં ભાગ લેનારા હોવા જોઇએ કે કેળવણીમાં પછાત રહેલાઓને અને પૈસાદાર માણસોને તેઓનું કાર્ય—તેમની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલમ જાગૃત કરીને કર્ત્તવ્ય માર્ગે દોરે, અને ધર્મ–કાર્યમાં વિશેષ સહાયભૂત થઈ પડે! પરંતુ બને છે તેથી ઉલટુંજ! આ બિનાથી કયા ધાર્મિક પુરૂષને ખેદ થયા વિના રહેશે?

૧૬ ઓછા કેળવાએલા કે નહિ કેળવાએલા માણસો શીખવા શીખવવામાં સર્વમાન્ય માર્ગ ગ્રહણ કરે છે, પરંતુ કેટલાએક કેળવાએલા યુવાન પુરૂષો હસવા સરખી દલીલો રજુ કરીને કહેશે કે,—સૂત્રો મ્હોંએ કરવાની શી જરૂર છે? ખાલી મહેનત શામાટે કરવી જોઇએ? એકલી સમજણથી શું ન ચાલે? સૂત્રપાઠ મ્હોંએ કર્યા સિવાય શું અમારે નહિ ચાલે? વગેરે બોલીને સૂત્રો મ્હોંએ કરવાની બાબતમાં વાંધો લે છે, અલબત અમારે કબૂલ કરવું જોઇએ કે, કેટલેક સ્થળે સમજણ વગરનું કેવળ ગોખણુ ચલાવવામાં આવે છે, એ વાત નિઃસંશય છે. પરંતુ જે જે બાબત સ્મરણમાંજ રાખવા યોગ્ય હોય, તે મ્હોંએ કરવીજ જોઇએ. એમ તો અમારા કેળવાએલા બંધુઓ પોતે લીધેલી વ્યવહારિક કેળવણીના અનુભવ ઉપરથી કબૂલ કરશેજ. આ વાતના ટેકામાં અમે કેટલીક સાબિતીઓ આ નીચે રજુ કરીએ છીએ.

૧૭ આજકાલ અપાતા વ્યવહારિક કેળવણીમાં ભૂગોળ જ્ઞાન, ખગોળશાસ્ત્ર, વ્યાકરણુ તથા રસાયન વિદ્યા ઇત્યાદિ જ્ઞાનના વિષયોમાં કેટલું કેટલું મ્હોંએ કરવું પડે છે: વળી કાયદાશાસ્ત્રીને, વૈદ્યકશાસ્ત્રીને, ભાષા જ્ઞાનીને તથા ઇજનેર વગેરે વિદ્યાવંત પુરૂષોને યાદશક્તિનો કેટલો બધો ઉપયોગ કરવો પડે છે, તે તેઓ જાણે છે.

૧૮ ઇંગ્રેજીમાં કહેવત છે કે,—"મ્હાવરો મનુષ્યને પરિકવ બનાવે છે." એ વાત ખરીજ છે. કેમકે નાનાં બાળકોને મનની, વચનની તથા શરીરની જે જે ટેવો નાનપણથી પાડવામાં આવે છે તે દ્રઢ મૂળ ઘાલીને રહે છે. જુઓ–અંગબળમાં નાનપણથી બાળકનું શરીર જેટલું વળી શકે છે તેટલું મોટી ઉંમરના વાળી શકતા નથી. તેમજ વાકચાતુર્યમાં નાટકગૃહનો નાનાં બાળકો જેવાં સુભાષિત મધુર અને અસરકારક વચનો બોલે છે, તેવી વચનકળા મોટી ઉમરે શીખતાં મુશ્કેલ પડે છે; અને કદાચ શીખે છે તો તેવી અસર કરી શકતા નથી તેજ પ્રમાણે બાળકોનાં કુમળાં મનની યાદશક્તિ ખીલવવા માટે મહાન પુરૂષોનાં જ્ઞાન–ગર્ભિત ગંભીર વચનો પણ મોઢે કરાવવાની જરૂર છે.

૧૯ અસલના મહાન આચાર્યો તથા ધર્મવેત્તાઓ મોટા ગ્રંથો ઉપરથી સંક્ષેપ સૂત્રોની રચના કરી ગયા છે. તે મુખપાઠે કરવાના હેતુથીજ કરેલી દીસે છે, એવું અમારા કેળવાયલા મિત્રોને ધર્મ શાસ્ત્રોનાં ઉંડા તત્ત્વોમાં દૃષ્ટિ કરતાં માલુમ પડશે. હાલ તેઓ જે એકાંત અભિપ્રાય આ બાબતમાં આપે છે તે તેઓના ધર્મ જ્ઞાન વગરના એકપક્ષી જ્ઞાનનું પરિણામ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જૈન ગુરૂઓનું જ્ઞાન-પણ વૃદ્ધિ પામવું જરૂરનું છે.**

માટે તેઓને અમારી નમ્ર ભલામણ છે કે–જો તેઓ પોતાના સુવિચાર તથા ઉત્તમ નીતિ રીતિનો સુધારો આજના ધર્મ–શ્રદ્ધાવાળા પણ અભણ વર્ગમાં દાખલ કરવા ઈચ્છતા હોયતો તેઓની ખાસ ફરજ છે કે–તેઓએ ધર્મ શાસ્ત્રનાં તત્વોનું સદ્ગુરૂ પાસે દરરોજ થોડા થોડા વખત અધ્યયન કરવું એટલુંજ નહિ પણ પોતાને મળેલા જ્ઞાનનો સદુપયોગ કરી તેમની સાથે દરેક ઉપયોગી પ્રસિદ્ધ ધર્મ–ક્રિયામાં ભાગ લેવો. આથી પરસ્પર વિરોધ ભાવ ટળી જઈને વિશ્વાસપાત્ર થશે, અને તેને પરિણામે સંસારીક સ્થિતિ સુધરવાના કારણ-ભૂત તેઓ થશે.

૨૦ હાલ અપાતા ધર્મ–શિક્ષણથી પોપટીયું જ્ઞાન માત્ર મળે છે. તેનું કારણ સમજણ વગરનું ગોખણ માત્ર કરાવાય છે તેજ છે. શીખવનારને શીખવવાની કંઇ વિશેષ માહિતી કે કેમ શીખવવું તેનું કિંચિત્ સૂચના પણ કોઇ પુસ્તકમાં જોવામાં આવતી નથી, એથી આ કામ કેવળ કઢંગી સ્થિતિમાં ગમે તેમ ચાલ્યું જાય છે. કહેવાની મતલબ એજ છે કે–શિક્ષકને શિક્ષણ સંબંધી કંઇક પણ માહીતી મળે અને વિદ્યાર્થીઓને સરળ થઇ શકે એવી પદ્ધતિનાં સર્વમાન્ય પુસ્તકો બહાર પડવાં જોઇએ. આ અડચણ દૂર કરવાના હેતુથી બહુમતે લખાયલી જૈનધર્મની શરૂઆત કરવામાં ઊપયોગી થઇ પડે એવી આ જ્ઞાનમાળાની યોજના ઘડી કહાડવામાં આવી છે માટે જો તે કંઇ પણ લાભકારક થઇ પડશે તો પ્રયત્ન અને ધારણા ફળિભૂત થયાં સમજાશે.

૨૧ આજકાલ ચાલતી જૈન વિદ્યાશાળાઓમાં અપાતું ધર્મશિક્ષણ દેશ-કાળને અનુસરતું ન હોવાથી તથા સંસારિક કેળવણીની પદ્ધતિ પ્રમાણે સરળ ન હોવાથી પ્રથમ શીખનાર જૈન કે અન્ય દર્શનીને અઘરૂં પડે છે, એટલુંજ નહિ પણ જે ધર્મજ્ઞાનના રસનું આસ્વાદન આનંદ પૂર્વક થવું જોઇએ તે પણ થતું નથી. વળી ઘણે સ્થળે સુત્રોના પાઠ ફકત મોઢે કરવામાંજ આવે છે, તેમાં અર્થ જ્ઞાનનો સેહેજ પણ વિચાર કરાવવો તો દુર રહ્યો, પણ શુદ્ધ ઉચ્ચાર ઉપર પણ લક્ષ ભાગ્યેજ આપવામાં આવે છે. શીખનાર તથા શીખવનારને માત્ર એટલીજ ઉત્કંઠા જણાય છે કે, જેમ બને તેમ થોડા કાળમાં ઘણા પાઠ તૈયાર કરી નાંખવા. વળી જો કોઇ સ્થળે કદાચ અર્થ સહિત શીખવવામાં આવે છે, તો તે પણ કેવળ શુક પાઠ સમાન હોય છે, પણ શીખનાર પાઠનો સાર કે હેતુ સમજ્યો છે કે નહિ, તે સંબંધી શિક્ષક અને શિષ્યની વચ્ચે કંઇ પણ પ્રશ્નોત્તર કે પરીક્ષા થતી નથી. તેથી પરિણામ એવું આવે છે કે,—બહારનો કોઇ કેળવાયલો ગૃહસ્થ આવા ભણનારને અમુક બાબતનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન કરે છે તો તેનો સંતોષકારક ઉત્તર આપી શકતો નથી, પણ પોતે પોપટની માફક શીખેલા પાઠના શબ્દે શબ્દો કહેવા જતા અનેક ભૂલો કરે છે.

૨૨ જૈન ધર્મજ્ઞાનમાં પ્રથમ શું શીખવવું તથા કેવી રીતે શીખવવું ઇત્યાદિની ક્રમવાર સરલ યોજના ન હોવાથી ભિન્નભિન્ન સ્થળે ભિન્નભિન્ન પ્રકારનું જ્ઞાન અપાય છે. વળી પરીક્ષાનો નિયમ પણ કયાંહી જોવામાં આવતો નથી, તેથી અમુક માણસ કેટલું ધર્મજ્ઞાન પામ્યો છે, તે જાણવાને પણ કોઇ સાધન નથી. એ સઘળી અડચણો કંઇ અંશે દૂર કરવાના હેતુથી આ જ્ઞાનમાળા ગ્રંથની રચના થઈ છે. આથી શિક્ષકને, શિષ્યને તથા પરીક્ષકને પોતાના કામમાં સરલતા થશે અને વખત વ્યર્થ જતો અટકશે, એવી આશા રાખવામાં આવે છે.

૨૩ આ પુસ્તકમાં પ્રથમ સ્વર, વ્યંજનની સમજણ આપ્યા પછી પ્રવેશક પાઠો નાંખવામાં આવ્યા છે. અર્થની ગંભીરતા પ્રમાણે ચઢતા અનુક્રમે કઠિન સૂત્રપાઠ દાખલ કર્યા છે. ત્યારપછી પાછલા સૂત્રપાઠ ઉપર વિશેષ વિવેચનના રૂપમાં કેટલાક પાઠ જરૂરીયાત પ્રમાણે આપ્યા છે. તેમાં સામાયક તથા ચૈત્યવંદનની ક્રિયા–વિધિ યથા સાધ્ય સ્પષ્ટ કરવામાં આવી છે. છેવટે શિષ્યનું જ્ઞાન પારખવા માટે પરિક્ષકને ઉપયોગી થાય એવા હેતુથી તમામ પાઠમાંથી પ્રશ્નો કહાડીને મૂકવામાં આવ્યા છે.

૨૪ એ પ્રશ્નોથી એવી નેમ રાખવામાં આવી છે કે પરિક્ષકોએ પ્રશ્નો ઉપરથીજ શિષ્યોના અભ્યાસ સંબંધી સ્વાલ કરવા પણ તે પુસ્તકથી બાહારનો કોઇ પ્રશ્ન કરવો નહીં.

૨૫ આથી ભણનાર શિષ્યની તેમજ તેના ભણાવનાર શિક્ષકની પરીક્ષા થશે, એટલુંજ નહીં પણ આ પહેલું પુસ્તક પુરૂં કરનાર કેટલું જ્ઞાન પામ્યો છે, તે પણ હાલ ચાલતી વ્યવહારિક કેળવણીના ધોરણની શૈલી પ્રમાણે કોઈને પણ જાણવું સરલ થઇ પડશે.

૨૬ જો આ પુસ્તક જૈન વર્ગમાં સામાન્ય રીતે સર્વત્ર ઉપયોગી થઇ પડશે એટલે કે શાળામાં ભણતા વિદ્યાર્થીઓને તથા સામાન્ય રીતે શીખનાર ધર્મ અભ્યાસીઓને તેમજ બીજા પૂખ્ત ઊમરના ધર્માર્થી સજ્જનોને, પણ એક સામટી રીતે લાભકારી નીવડશે તો હવે પછી આ પુસ્તકના ક્રમાનુસાર બીજાં પુસ્તકો પણ કહાડવાનો ઇરાદો છે અને તે પુસ્તકોમાં ભણનારની બુદ્ધિ તથા વયનાં પ્રમાણમાં ચડતા ચડતાં ધર્મજ્ઞાનના સર્વે ઉપયોગી વિષયોને ક્રિયા, વિધિ, તથા અર્થ વિચારની સમજણ સહિત, દાખલ કરવાની ઇચ્છા રાખી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પુસ્તકની રચનામાં હાલ વપરાતા પ્રતિક્રમણાદિ પુસ્તકોના પાઠની શૈલીમાં કાંઇ પણ ફેરફાર કરવામાં આવ્યો નથી એટલે સુત્રોના પાઠ જેવા અનુક્રમમાં બીજાં પુસ્તકોમાં જોવામાં આવે છે તેવીજ રીતે આખાને આપી રાખ્યા છે પણ તેના શબ્દાર્થના વિભાગ વિદ્યાર્થીને સગવડ માટે કરવામાં આવ્યા છે.

૨૭ વળી અમારે જણાવવું જોઇએ કે આ ધર્મનાં પુસ્તકમાં કોઈ પણ જગ્યાએ સૂત્ર વિરૂદ્ધ કે આજ્ઞા વિરૂદ્ધ લખાણ કરવાની કોશિશ કરી નથી. તેમ છતાં કોઇ નજર દોષથી કે અલ્પ મતિ તથા અલ્પ શકિતને લીધે તેમજ આ અમારો તદ્દન નવીનજ પ્રયાસ હોવાથી કોઇ કોઇ સ્થળે કોઇ દોષ કે ખામી માલુમ પડે તો સુજ્ઞજનો સુધારી લેશો અને તે બાબત જે કાંઇ સુધારો કરવા ધારો તો તે પ્રમાણેની સુચના અમારી ઉપર મોકલવા કૃપા કરશો કે જેથી અમોને આગળ જતા તેવો સુધારો કરવા બની આવે.

૨૮ આજકાલ ઘણા તરફથી સુચના કરવામાં આવે છે કે,–સંસારિક કેળવણી સાથે ધાર્મિક કેળવણી આપવા માટે પાઠશાળાઓ, બોર્ડીંગ સ્કુલો તથા નાની વિદ્યાશાળાઓ સ્થાપવી ધર્મશિક્ષકો તૈયાર કરવા. પણ તેટલું કર્યા પછી પણ એક મોટી મુશ્કેલી તો નડશેજ. એ મુશ્કેલી વિષે કેળવણીના શુભેચ્છકોના લક્ષમાં આવ્યું હોય એમ જણાતું નથી. તે મુશ્કેલી એ છે કે,–તમામ શાળાઓમાં શિક્ષણનું એક સરખું બંધારણ કરવા માટે યોગ્ય પુસ્તકો જોઈશે. હાલ વપરાતાં પ્રતિક્રમણાદિ પુસ્તકો શિક્ષણની સુધરેલી પદ્ધતિને અનુસરતાં હોય એમ લાગતું નથી. આ મુશ્કેલી કંઇક અંશે દુર કરવાના ઇરાદાથી મેં હવે પછી પ્રગટ કરવા ધારેલી આ “ જૈન ધર્મ જ્ઞાન માળા ” રચાવવાનો પ્રયત્નો કર્યા છે.

# કેશરનો કોયડો કોણ ને ક્યારે ઉકેલશે ?

પૂરી ખાત્રીવાળું શુદ્ધ સ્વદેશી કેશર મળી શકતુંજ હોય તેમજ જો તે ભેળસેળ તથા તથા જીવજંતુ વગરનુંજ હોય તો પ્રભુ પૂજાદિક શુભ પ્રસંગે વાપરવા કોણ મના કરે છે ? કોઇજ નહીં. પણ તે મળેછેજ કયાં ? તેની પૂરી ખાત્રી કરી લેવા કોણ પરવા કરે છે ? કદાચ કયાંય શુદ્ધ મળતુંજ હોય તોપણ સ્વાર્થવશ વ્યાપારીઓ તેમાં ભેળસેળ કરતાજ ન હોય એવું એકાએક માની લેવું સાહસ ભર્યું લાગે છે. એવી કિંમતી વસ્તુ વેચનારા વ્યાપારીઓમાં ભાગ્યેજ નકી (પ્રમાણિકતા) હોવા સંભવ છે. વળી કેવળ પરમાર્થદાવે સ્વરસથી એમાં આત્મભોગ આપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામ કરનારા ક્યાં દેખાય છે ? જ્યારે આવી ચર્ચા ઉભી થાય, ત્યારે તેમાં ઊંડા ઉતરી ગુણદોષ કે લાભાલાભનો પૂરતો વિચાર કર્યા વગર નકામો કોળાહળ કરી મૂકનારાની સંખ્યા તો કંઇ ઓછી નથી ઉતરતી પણ તેથી લાભ શો ? સારી શિખામણ આપવા જનારી સુઘરીનોજ માળો જેમ વાનરજીએ ચૂંથી નાખ્યો તેવું પરાક્રમ ફેરવવું એમાં મોટાઇ શી ? સત્યશોધક ભાઇ બ્હેનોએ મનમાં સાલતી શંકાઓ દૂર કરી, પોતાનુંજ મન કબૂલ કરે તેવો સાચો ને સરલ માર્ગ આદરી લેવો અને આપણા અન્ય મુગ્ધજનોને શાન્તિથી સમજાવી ઠેકાણે પાડવા જોઇએ. વેદીયાઢોર જેવું કરવું નહીં, તેમજ અંધ શ્રદ્ધાથી ગડ્ડરીયા પ્રવાહે ચાલવું નહીં પણ સ્વક્ષયોપશમ પ્રમાણે બુદ્ધિ બળ વાપરી શાસ્ત્રકારનો પવિત્ર આશય સમજી, તેની આજ્ઞાનું યથાર્થ પાલન જેમ શકય રીતિથી થઇ શકે તેમ કરવા શુભ પ્રયત્ન સેવવો. કઇક વખત અજ્ઞાનતાવશ મુગ્ધ જનો ભક્તિના વિષે આશાતના કરે છે. તેવી આશાતના સુજ્ઞજનો તો નજ કરે એટલુંજ નહીં પણ તેઓ તો ભક્તિનો ખરો માર્ગ સમજી દ્રઢ શ્રદ્ધાપૂર્વક જાતે તેનું પાલન કરતા સતા અન્ય મુગ્ધ જનોને આરો શો ? ધીરજ રાખી નિર્પક્ષપણે ભોળા મુગ્ધ જનોને ભક્તિનો ખરો માર્ગ બતાવનારા સુજ્ઞ ભાઇ બ્હેનોને ઓછો લાભ થાય છે શું ? ઘણો સારો લાભ થઇ શકે. મૂળચંદભાઇવાળા મુદ્દાસર લખાયેલા કેસર સંબંધી લેખને લક્ષપૂર્વક વાંચી વિચારી જાતે હિતમાર્ગ આદરી અન્ય સ્વજન મિત્રાદિક વર્ગને જાણેલી સત્ય હકીકત સમજાવી હિત માર્ગ આદરવા પ્રેરણા કરવી સર્વથા ઉચિત લાગે છે. શું આટલું અલ્પ પણ આપણાથી કરી ન શકાય ? આટલી સામાન્ય બાબતનો ડહાપણભરી રીત્યે ઉકેલ આણતાં ' મોભે પાણી આવે ' તો પછી બીજું મહત્ત્વનું કામ શી રીતે કરી શકાય ? નકામી વાતો કે ચુંથણાં કરવાથી શું વળે ? સાણા ભવભીરૂ ભવ્ય જનોને તો એ રીતે અમૂલ્ય સમય ગાળવો ને નાહક બુદ્ધિ શક્તિનો દુરૂપયોગ કરવો નજ પાલવે. 'ક્ષણ લાખેણીએ જાય' એમ કહેનારા શું આવો સમય એળે ગાળશે ? આપણામાં ઘણીજ જડતા-મંદતા પેસી ગઇ છે તેથીજ પ્રમાદવશ આપણે હિત માર્ગમાં અધિક પ્રવૃત્તિ કે પ્રગતિ કરી નથી શકતા. કાર્યદક્ષતાની આપણામાં ભારે ખામી છે તે કોઇ રીત્યે દૂર થવી જોઇએ. બળથી જે કામ ન થઇ શકે તે કળથી થઇ શકે તેવો અનુભવ આપણે મેળવવો જોઇએ. ખાસ કરવા આદરવા જેવી બાબત હોય તેમ છતાં નૈતિક હિંમતની ભારે ખામીથી તે કામ કરવા ઇચ્છા હોય છતાં મનમાં સંકોચ રાખી કશી જીવ સરખી પ્રવૃત્તિ નજ કરીએ અને કદાચ કંઇક પ્રવૃત્તિ આદરી હોય તેમાં જો કોઇ મુગ્ધ જનોએ મરજી મુજબ ટીકા કરવા લાગ્યા હોય તો ગમે એવી સુંદર અને આશાજનક પ્રવૃત્તિને પણ તજી દેતાં વાર લાગતી નથી. શાસ્ત્રકાર સ્પષ્ટપણે જણાવે છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શંકાશીલ મુગ્ધ જનો તેવી કશી શુભ પ્રવૃત્તિને જાતે આદરતાજ નથી, કંઈક શ્રદ્ધાળુ પણ મોળા મનનાં માણસો લાભ સમજી કદાચ તેમાં પ્રવૃત્તિ કરે છે ખરા પણ કંઈ વિઘ્ન નડતાં તેને તરત તજી દે છે. ફક્ત જે દ્રઢ મનના સુશ્રદ્ધાળુ ઉત્તમ જનો હોય છે તેઓજ પરિણામ દર્શી હોઇ જે કંઈ શુભ પ્રવૃત્તિ આદરે છે તેમાં ગમે તેટલાં વિઘ્નો નડે તોપણ તેથી લગારે ડગ્યા વગર અંતસુધી અડગપણે તેમાં આગળ વધ્યા કરે છે. આપણે હવે અધમતા અને મધ્યમતાને દૂર કરવા દ્રઢ નિશ્ચય કરવો જોઇએ. તોજ ઉત્તમ જનોનું શુભ અનુકરણ કરી આપણે સહુ કર્તવ્યનિષ્ઠ બની સુખી થઇ શકશું. આવી વાત કોને ગમતી નહી હોય ? સહુ કોઇને ગમેજ. પરંતુ પ્રમાદવશ શિથિલ પરિણામથી કંઇ હિત પ્રવૃત્તિમાં દ્રઢતાથી જોડાઇ શકાય નહી અને તેમ કર્યા વગર આપણો ઉદ્ધાર પણ થઇ શકે નહીં. સમજે તેને માટે આટલું બસ છે.

ઈતિશમ્.

લે૦ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

## ચેતનને.

( કાવ્ય. )

મેં તો જોયો જોયો સાર, જગતનો જુઠ અરે વ્યવહાર;
રંક દશાધીન રંક જનોને, કોનો છે આધાર;
સંપત્તિ પાત્ર સદાજન દેતા, મૂરખનો અધિકાર. (મેં ૧)

માત પિત કોણ ભ્રાત ભગિની, સુત દારા સંભાળ;
જર વિનાના તે પણ કહેતાં, ધીક અરે નાદાર. (મેતો)

ચેતન તું તો ચેતી લેજે, રાગદ્વેષ સંહાર;
સ્હાયક શ્રી મહાવીર વિનાનો, શૂન્ય અરે સંસાર. (મેતો)

માન ભલે અપમાન ભલે, નહિ તેની કર દરકાર;
સમ્‌દ્રષ્ટીથી સૌને નીરખી, સમરો શ્રી નવકાર. (મેતો)

હરગોવન નાગરદાસ માજની રાધનપુર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દ્રવ્યનો ઉપયોગ.

વિઠ્ઠલદાસ. મૂ. શાહ.

આજકાલ પ્રાયે કરીને જોવામાં આવે છે કે ધન, દ્રવ્ય અથવા સંપત્તિના સંબંધમાં અનેક લોકો અનેક પ્રકારના વિચાર ધરાવે છે. કેટલાક તો વૈરાગ્ય ધારણ કરીને કહી બેસે છે કે ધન અત્યંત ખરાબ વસ્તુ છે, તેનાથી અમુક અમુક હાની થાય છે. એટલા માટે તેને એક અત્યંત તુચ્છ અને ત્યાજ્ય વસ્તુ સમજવી જોઇએ. આમ કહેનાર લોકો દ્રાક્ષ ન મળવાથી તેને ખાટી કહેવાવાળા લોકોની જેવા હોય છે. તેઓ હૃદયથી તો 'ભજ કલ્દાર' નો મહામંત્ર જપ્યા કરે છે, પરંતુ કાંઇ ન મળવાના કારણથી લોકોની સામે મૂળથી પોતાની ત્યાગવૃત્તિના પરિચય કરાવે છે. એક પ્રકારના લોકો એવા હોય છે કે જેનો મત ઉક્ત મતથી બિલ્કુલ વિરૂદ્ધ હોય છે. તેઓ કહ્યા કરે છે કે સંસારમાં ઇશ્વરનો કોઇ સગો ભાઇ હોય તો ત કેવળ ધન-સંપત્તિજ છે. તેઓનું કહેવું એ હોય છે કે વગર પૈસે આપણું કોઇ પણ-ન્હાનામાં ન્હાનું-કાર્ય પણ થઇ શકતું નથી, એટલે સુધી કે ધન વગર આપણે ખાઇપી શકતા નથી, સુઇ શકતા નથી, બેસી શકતા નથી, ચાલી શકતા નથી, શ્વાસ પણ લઇ શકતા નથી, એ સર્વ લોકો ધનની શક્તિનું વર્ણન કરવામાં અત્યુક્તિથી કામ લીધા કરે છે. પરંતુ વસ્તુ સ્થિતિ એવી નથી. એ બન્ને પ્રકારના લોકોના મત ભ્રમમૂલક અને અજ્ઞાનથી પરિપુર્ણ છે. યથાર્થ વાત એ છે કે કોઇ કોઇ લોકો લાચારીથી કહ્યા કરે છે તેટલે દરજ્જે ધન તુચ્છ અને ત્યાજ્ય વસ્તુ નથી તેમજ તે એટલી બધી અધિક મહત્વપુર્ણ વસ્તુ નથી કે જેના મહત્વનું દિગ્દર્શન કરાવવાને માટે લાંબી લાંબી વાતો બતાવવી પડે. હા, એટલું અવશ્ય માનવું પડશે કે ધનના વિષયમાં અપાત્રતા અને આલસ્ય જન્ય ઘૃણા રાખવાથી કામ ચાલે તેમ નથી. આપણે સ્વીકારવુંજ પડશે કે ધન એક ઉપયોગી વસ્તુ છે. તેના વગર આપણું સાંસારિક જીવન દુઃખપૂર્ણ અને કષ્ટમય બની જાય છે. ઘણા લોકો ધન-કષ્ટને લઇને નિરાસ બની જઇ સંસારને અસાર સમજવા લાગે છે. કોઇ લોકો તો ધનાભાવને લઇને પોતાના ધનવાન પાડોશી સાથે ઘૃણાથી વર્તવા લાગે છે. જીવન-સંગ્રામમાં વિજયપ્રાપ્તિ કરવા માટે પ્રસ્તુત લેખમાળામાં જેટલા સાધનો બતાવવામાં આવ્યા છે અને આગળ બતાવવામાં આવશે તેમાં અવસ્થાનુસાર ઉપયુક્ત ધનનો પણ એક અગત્યનો મોટો ભાગ ભજવે છે. ખરી વાત તો એ છે કે ધન વગર સંસારમાં મનુષ્યનું વ્યવહારીક જીવન શિથિલ અને નિરૂપયોગી બની જાય છે, એટલા માટે એટલું ઉચિત છે કે આપણે આલસ્યમય વિવાદો દ્વારા દ્રવ્યને તિરસ્કરણીય વસ્તુ ન સમજવી જોઇએ, કિન્તુ સાચાં અને ખુલ્લાં હૃદયથી સંકોચ રહિતપણે એટલું માની લેવું જોઇએ કે ધન એક ઉપયોગી વસ્તુ છે. જેના અભાવને લઇને મનુષ્યની દશા પાંખ વગરના પક્ષીની જેવી થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૈસાની ખાતર રાતદિવસ મત્યધિક હાયવોય કર્યા કરવાથી શું પરિણામ આવે છે તે સો કોઇ જાણે છે. અધિક લોભ તથા તૃષ્ણાના અનિષ્ટ પરિણામ કોઇથી અજાણ્યાં નથી. તે સાથે એક બીજી પણ ધ્યાન આપવા યોગ્ય વાત એ છે કે અધિક ધન રાશિ પ્રાપ્ત થવાની સાથે કયીક વસ્તુઓની બ્હીક રહ્યા કરે છે, ચિંતા પીછો છોડતી નથી, ચોરોના ભયથી રાત્રે નિદ્રા આવતી નથી, કુટુંબ જનોમાં ઝગડો ઉપસ્થિત થાય છે, ઇત્યાદિ. પરંતુ જો અધિક ધનની સાથે અનેક આપત્તિઓ લાગેલી છે તો વિચારવા જેવી વાત છે કે દરિદ્રતાની સાથે કેટલી ભયંકર આપત્તિઓ લાગી રહેલી છે. આ કહેવાનું કારણ એ છે કે ધન એક મહાન શક્તિ છે અને જયારે એ શક્તિની પ્રાપ્તિ થતાં પણ આપત્તિઓ આવી શકે છે ત્યારે તે શક્તિના અભાવમાં અર્થાત્ દરિદ્રતાની દશામાં તો તે કરતાં પણ અધિક અનર્થ બન્યા કરે. કેમકે '**धनक्षये दीप्यति जाठराग्निः**' અને '**छिद्रेष्वनर्था बहु लीभवन्ति**' ના ઉદાહરણ હમેશાં દૃષ્ટિગોચર થાય છે. જો ધનની સાથે એક આપત્તિ રહેલી છે, તો દરિદ્રતાની સામે દશ આપત્તિઓ અવશ્ય રહે છે. જુઓ, નિર્ધનતા કેટલા અનર્થ ઉપજાવનારી રાક્ષસી છે. તેનું વર્ણન આપણા નીતિવિદોએ કર્યું છે કે

**दारिद्र्याद्‌ह्रियमेति ह्रीपरिगतः सत्वात्परिभ्रश्यते**
**निःसत्वः परिभूयते परिभवान्निर्वेदमापद्यते ।**
**निर्विण्णः शुचमेतिशोकनिहतो बुध्ध्या परित्यज्यते**
**निर्बुद्धिः क्षयमेत्यहो निर्धनता सर्वापदामास्पदम् ॥**

અર્થાત્ 'દરિદ્રતાથી સંકોચ અને લજ્જા આવે છે, લજ્જાને લઈને ધૈર્ય ચાલ્યું જાય છે, ધૈર્યના ચાલ્યા જવાથી પરાભવ થાય છે, પરાભવ થવાથી ખેદ થાય છે, ખેદ થવાથી શોક અને પશ્ચાતાપ થાય છે અને પશ્ચાતાપથી ક્ષય અર્થાત્ નાશ થાય છે. એ મુજબ દરિદ્રતા સર્વ આપત્તિઓની જનેતા છે. એટલુંજ નહિ પણ દરિદ્રતા, નિરાશા અને ઉદાસીનતાને પરસ્પર મિત્રતા છે—એ સર્વ એકજ સ્થાનમાં નિવાસ કરે છે. દરિદ્રતા એક એવી વસ્તુ છે કે જેનો સ્વીકાર કરવાનું કોઇને પણ સારૂ લાગતું નથી. તેનો કોઇ મનુષ્ય લાચારીથી જ સ્વીકાર કરે છે. દારિદ્રતાથી દાસત્વ પ્રાપ્ત થાય છે અને વૃદ્ધાવસ્થામાં ધનહીન મનુષ્યો પોતાના કુટુંબ અને મિત્રોને ભારરૂપ બને છે.

એટલા માટે ધનને ઘૃણાયુક્ત દૃષ્ટિથી જોવું જોઇએ નહિ. ઘૃણાયુક્ત દૃષ્ટિથી જોવા યોગ્ય વસ્તુ તો છે ધનની તૃષ્ણા. ધન તો બહુ મૂલ્ય વસ્તુ છે. ધનથીજ આપણા સદાચરણની—સત્યનિષ્ઠા, ન્યાયપ્રિયતા, ઉદારતા, મિતવ્યયિતા, દૂરદર્શિતા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પરોપકાર,** આત્મત્યાગ ઈત્યાદિની–પરીક્ષા થાય છે. **એ** રીતે ધનને હમેશાં બહુ મૂલ્ય વસ્તુ માનવામાં આવે છે, પરંતુ આજકાલ વિજ્ઞાનયુગમાં અને પાશ્ચાત્ય સભ્યતાની ઉત્તરોત્તર વૃદ્ધિ થવાને કારણે તેની ઉપયોગીતા પણ વધી ગઇ છે. સમય એવો આવી પહોંચ્યો છે કે દ્રવ્ય વગર અનેક સદ્ગુણોનો વિકાસ થઇ શકતો નથી. વ્યક્તિ વિષયક જીવન-સંગ્રામમાં તેમજ રાષ્ટ્રીય જીવન સંગ્રામમાં વિજયપ્રાપ્તિ અર્થે દ્રવ્ય એક મહાન સાધન થઇ પડેલ છે. સમાચાર પત્રો વાંચનાર જાણે છે કે આધુનિક યુરોપીય મહાભારતમાં કરોડો રૂપિયા સ્વાહા થઇ જતા હતા. યથાર્થરીતે જોતાં એ યુદ્ધ યુરોપની આર્થિક શક્તિનો એક સારો નમુનો હતું. સારાંશ કે પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે કે તેણે પોતાનાં કુટુંબ, સમાજ, દેશ તેમજ રાષ્ટ્રના સાંસારિક સુખને માટે દ્રવ્યનો યથોચિત ઉપયોગ કરવો જોઇએ. તે માટે સૌથી સરલ યુક્તિ એ છે કે પ્રત્યેક દશામાં આપણે આપણી આવક કરતાં ખર્ચ ઓછો કરવો જોઈએ. યાદ રાખવું જોઈએ કે ધનનો ઉચિત ઉપયોગ કરવામાં-ધન કમાવામાં, ખર્ચવામાં તથા બચાવવામાં કોઇ પણ મનુષ્યની વ્યવહારિક બુદ્ધિની પરિક્ષા થઇ શકે છે. ધનનો ઉચિત ઉપયોગજ વ્યવહારિક બુદ્ધિની કસોટી છે.

દ્રવ્યના વિષયમાં આપણે ત્રણ બાબતોનો હમેશાં વિચાર રાખવો જોઇએ. (૧) દ્રવ્ય કયા અને કેવા ઉપાયોથી સંપાદન કરવું. (૨) કેવી રીતે ખર્ચવું. (૩) અને કેવી રીતે બચાવવું. દ્રવ્યોપાર્જનમાં સૌથી પહેલાં ધૈર્ય રાખવાની પરમ આવશ્યકતા છે. ધૈર્ય નહિ રાખવાની મનુષ્ય લોભી બનીને તે માટે અનિષ્ટ કાર્યો કરવા તત્પર બની જાય છે. દ્રવ્ય સંપાદન કરવાનો બીજો મહત્વપૂર્ણ ઉપાય એ છે કે જરૂર પડે તો આપણે આપણા બાપદાદાની કાર્ય કરવાની પુરાણી અને નિરૂપયોગી રીતિઓનો ત્યાગ કરવો જોઇએ. દ્રવ્ય સંપાદન કરવાનો ત્રીજો ઉપાય એ છે કે સર્વ કાર્યો દેશ કાળની આવશ્યકતાનુકુળ જ કરવા જોઈએ. ખર્ચ કરવામાં મનુષ્યે વિશેષ સાવધાન રહેવું જોઇએ, કેમકે તેના ઉપર તેનું ભાવિષ્ય નિર્ભર રહેલું હોય છે. ખર્ચ કરવાની આપણને ત્રણ કારણોથી જરૂર પડે છે, પ્રાણરક્ષા માટે, પોતાની ઇજ્જત કાયમ રાખવા માટે, અને કોઇ સત્કાર્ય કરવા માટે. જો એ સિવાય બીજા કોઇ હેતુથી ખર્ચ કરવામાં આવે તો તે અપવ્યય તથા દ્રવ્યનો દુરૂપયોગ જ કહેવાય. દ્રવ્ય બચાવવામાં પ્રથમ એટલું જોઇ લેવું જોઇએ કે આપણી સઘળી જરૂરીયાતો પુરી પડી છે કે નહિ ? એવું જોવામાં આવે છે કે કેટલાક મનુષ્યો રૂપિયા લુંટાવી દઇને એક પાઇનો મોહ કરે છે. આપણે કાંઇને કાંઇ બચાવવામાં પ્રયત્નશીલ રહેવું જોઇએ. એવો વિચાર ન કરવો જોઇએ કે આપણે હમેશાં ઘણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બચાવી શકતા નથી. કેટલાંય ધનહીન પુરૂષો પાઈ પાઈ બચાવીને ધનવાન બનેલા જોવામાં આવે છે. બીજું કાંઇ નહિ તો એટલો તો વિચાર અવશ્ય કરવો જોઈએ કે મનુષ્ય શરીરની સાથે અનેક આપત્તિઓ લાગેલી છે અને તેથી કંઇક દ્રવ્ય સંચય કરવો જોઇએ. જે મનુષ્ય પોતાની સઘળી આવક ખર્ચી નાંખે છે, તેને આર્થિક ભાષામાં મૂર્ખ કહેવામાં આવે છે. કેમકે પોતાની જાતને જીંદગીભર દાસત્વમાં રાખવામાં તે પોતેજ સહાયક બને છે.

પૈસો એક અદ્ભૂત શક્તિ છે. એ વાતમાં જરાપણ સંદેહ નથી. ધનવાન મનુષ્ય વિદ્યાહીન હોવા છતાં પણ અત્યંત પ્રભાવશાળી હોય છે. સમાજમાં તેની વાતો બહુ આદરણીય ગણાય છે. બુદ્ધિમાન મનુષ્ય પણ તેની હામાં હા મેળવ્યા કરે છે. કહ્યું છે કે—

**यस्यास्ति वित्तं स नरः कुलीनः स पंडितः सश्रुतिमान् गुणज्ञः ।**
**स एव वक्ता स च दर्शनीयः सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ॥**

અર્થાત્ જેની પાસે ધન હોય છે, તે મનુષ્ય કુલીન, પંડિત, શ્રુતિમાન્ અને ગુણજ્ઞ છે. તે મહાન વક્તા છે; અને અત્યંત દર્શનીય છે; કેમકે સમસ્ત ગુણો કાંચન અથવા દ્રવ્યના આશ્રયભૂત છે.” નિર્ધન મનુષ્યની વાત તેના પોતાના ઘરમાં પણ કોઈ માનતું નથી અને ધનવાન મનુષ્ય બીજાનાં ઘરમાં જાય છે તો ત્યાં પણ તેનું દેવના સમાન સન્માન થાય છે. આથી સિદ્ધ થાય છે કે પૈસો એક મહાન શક્તિ છે. દ્રવ્યને ‘ અનર્થોનું મૂળ ’ સમજી ઘણા લોકો ઘૃણાયુક્ત દૃષ્ટિથી જુએ છે, પરંતુ એ તેઓની ભૂલ છે. ‘ અનર્થોનું મૂળ ’ દ્રવ્યની તૃષ્ણા અને લોભ છે. દ્રવ્ય પોતે નથી. એટલા માટે વિદ્વાનોએ ધનને ‘ ઉત્તમ સેવક ’ અને ‘ દુષ્ટ સ્વામી ’ ની સંજ્ઞા આપેલી છે.

પરંતુ આમ છતાં પણ ધનોપાર્જનજ કરવું એ આપણાં જીવનનું પરમ ધ્યેય નથી, તે આપણા જીવનના વિશિષ્ટ ઉદ્દેશનું કેવળ સાધન માત્ર છે. ઘડીભર માની લ્યો કે આપણી પાસે અખુટ સંપત્તિ થઈ ગઇ છે, પરંતુ આપણે રાત દિવસ તેની ઉત્તરોત્તર વૃદ્ધિ કરવાની ચિંતા કર્યા કરીએ છીએ, આપણને ખાવું પીવું નથી સુઝતું અને શાંત નિદ્રા પણ નથી આવતી. તો એ ધનથી શો લાભ થવાનો ? કંઈ પણ નહિ, કેવળ આપણે જીંદગીભર કષ્ટ ઉઠાવવાના માલીક રહીશું, ખાવા પીવાનું અને ખર્ચ કરવાનું આપણાથી બની શકે નહિ. છેવટે મધમાખીયોની જેવી દશા થાય છે તેવી આપણી દશા થશે. પશ્ચાતાપ સિવાય કાંઇ પણ હાથ નહિ લાગે. જીંદગી-ભર શરીરને કષ્ટ આપીને આપણે દોલત મેળવીએ, પરંતુ તેનો ઉચિત ઉપયોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે કરીએ નહિ તો પછી આપણી પાસે અખુટ દોલત હોવાથી શો લાભ ? જેમ અન્ય મનુષ્યો શેર અનાજ ખાય છે તેમ ધનવાન લોકો પણ શેર અનાજ ખાય છે. સાચું કહીએ તો ધનનું મહત્વ તેનો ઉચિત ઉપયોગ કરવાથીજ વધે છે. કેમકે—

Surely use alone, Makes money not a contemptible stone.

જે પૈસાનો કોઇ પણ ઉપયોગ થતો નથી, તે એક પથ્થરના કરતાં વધારે નથી. જે દ્રવ્ય વડે આપણી પરાધીનતા નષ્ટ કરીને સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકતા નથી, તથા જે દ્રવ્યવડે આપણે આપણા દારિદ્રપીડીત ભાઇઓના કષ્ટ દૂર કરી શકતા નથી તથા જે દ્રવ્યવડે આપણે આ સંસારના કોઇ પણ અંશને સુખી કરી શકયા નથી તેને શું કહેવું જોઇએ ? તેનું નામ પૈસો કે પથ્થર ? પૈસો એક એવી વસ્તુ છે કે જેના અભાવે આપણે બહુ દુ:ખી થઇએ છીએ અને પૈસો કેવળ દુ:ખો દૂર કરવા ખાતરજ મેળવવામાં આવે છે. જો આ સત્ય વાત હોય તો જે પૈસા મેળવ્યાથી આપણા દુ:ખો ઓછાં નથી થતાં તેને પૈસા કહી શકાય નહિ. તે તો આપણાં મસ્તક ઉપર એક પ્રકારનો બોજો છે. જે માત્ર આપણાં મરણ પછીજ ઉતરી શકે છે, અન્યથા નહિં. જે મનુષ્ય અઢળક દ્રવ્યનો સ્વામી છતાં તેનો કોઇ પણ પ્રકારનો સદુપયોગ કરતો નથી તે ધનવાન નથી, તે તો કોઇ વિશિષ્ટ જાતિ, દેશ યા રાષ્ટ્રનો કેવળ ગુમાસ્તો યાને ખજાનચી છે. તે બિચારો જીવિત પર્યંત તે સર્વ દ્રવ્ય મેળવીને તેનો હિસાબ રાખે છે અને મરણ પછી તેનો ચાર્જ કોઇ બીજાને સોંપી દઇને આ સંસારમાંથી વિદાય થઇ જાય છે. તેનું સમસ્ત જીવન દ્રવ્યનું રક્ષણ કરવામાંજ વ્યતીત થઇ જાય છે. આ પ્રકારના મનુષ્યોની સ્થિતિ અને જીંદગી અત્યંત શોચનીય છે.

અહિંઆ એક વાત ઉપર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. દ્રવ્યનો સદુપયોગ શું છે ? જ્યાં સુધી દ્રવ્યના સદુપયોગ અને દુરૂપયોગનો તફાવત આપણુને સમજવામાં નથી આવતો, ત્યાં સુધી સંભવિત છે કે આપણે દ્રવ્યનો વ્યય કોઇ અનર્થકારી કર્મોમાં કરવા લાગશું. જો આપણે દાન કરવું હોય તો પાત્રાપાત્રનો વિચાર અવશ્ય રાખવો જોઇએ. જો આપણે ભોજન કરવું હોય તો તેની પણ સીમા નિયત હોય છે, જે ખોરાક આપણુને રોગી તથા આળસુ બનાવી મુકે છે તે નકામું છે. વસ્ત્રાભૂષણોનો પણ વિચાર રાખવો જોઇએ. એવાં કપડાં કદી પણ ન પહેરવાં જોઇએ કે જે આપણી સ્થિતિને પ્રતિકૂળ હોય અને જે પહેરવાથી આપણુને કોઇ છેલછબીલા સમજવા લાગે. વર્તમાન સમયના હિંદુ સમાજમાં એવી અનેક કુરીતીઓ અને કુપ્રથાઓ ઘુસી ગઇ છે કે, જેતે સમાજનું લોહી ચુસીચુસીને દિવસાનુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિવસ પુષ્ટ બની રહેલ છે. જ્ઞાન-દૃષ્ટિના અભાવને લઇને લોકોમાં એટલું સાહસ નથી કે તેઓ એ બન્ધનો તોડી શકે. સખેદ કહેવું પડે છે કે જ્યાં સુધી એ કુરીતિઓ સમૂળ નષ્ટ નહિ થાય ત્યાં સુધી હિંદુ સમાજ મરણોન્મુખ બનતો જશે. કુરીતિઓને લઇને કોઇ પણ મનુષ્ય ઉન્નતિના માર્ગમાં અગ્રેસર થઇ શકતો નથી, ઉલ્ટું એને દેવું કરીને પોતાનું કામ ચલાવવું પડે છે. કેમકે તે એમ ઇચ્છતો હોય કે પોતાનાં કુટુમ્બીઓ પોતાને ધનવાન અને ઉદાર માન્યા કરે. એનું ફળ દ્રવ્યના અપવ્યય સિવાય બીજું શું હોઇ શકે? આવી સ્થિતિમાં ઉચિત તો એ છે કે આપણે આપણી જરૂરીયાતો જેમ બને તેમ ઓછી કરવી અને બની શકે તો તેનો સર્વથા ત્યાગ કરવો.

આપણી આવક અનુસાર વ્યય કરવામાં મહાન બુદ્ધિમત્તાની આવશ્યકતા છે. જે મનુષ્યનો ખર્ચ આવક કરતાં અધિક હોય છે તે સત્યનિષ્ટ રહી શકતો નથી. એટલા માટે જે મનુષ્ય સચ્ચરિત્રતાની કિંમત સમજ્યો હોય છે તેને માટે જરૂરનું છે કે તેણે પોતાની આવક કરતાં અધિક ખર્ચ કદિ પણ ન કરવો જોઇએ. કોઇ કોઇ મનુષ્યો કહ્યા કરે છે કે અમારી આવક સ્વલ્પ હોવાથી અમારે બહુ ખર્ચ થાય છે, પરંતુ એ તેઓની ભૂલ છે. સાચું તો એ છે કે તેઓની આવક જેટલી વધે છે તેટલી ખર્ચ કરવામાં સરળતા થાય છે. કેમકે જે પરિમાણથી આવક વધતી જાય છે. તેનાથી અધિક પરિમાણથી તેની ખર્ચ કરવાની પ્રવૃત્તિ પણ વધતી જાય છે. એટલા માટે પ્રત્યેક મનુષ્યે એવી જાતના ખર્ચની પ્રવૃત્તિ રોકવી જોઇએ અને હમેશાં કાંઇને કંઇ બચાવવાનો પ્રયત્ન કરતાં રહેવું જોઇએ. એ બચાવેલી રકમ ભવિષ્યમાં તેને ભારે મદદરૂપ થઇ પડે છે. અધિક દ્રવ્ય સંપાદન કરવામાં સુખ નથી હોતું, સુખ તો ઓછો ખર્ચ કરવામાં તેમજ સંતોષ રાખવામાં રહેલું છે. સુખ પ્રાપ્તિ માટે મનુષ્યને સંયમી અને સ્વાર્થ ત્યાગી થવું પડે છે, કેમકે સોના ચાંદી ( દ્રવ્ય ) માં એટલી શકિત રહેલી નથી કે તે મનુષ્યને માટે સ્વાસ્થ્ય ખરીદી શકે મનુષ્ય જે કાંઇ કમાય છે તે તેની આવક નથી, તેની ખરેખરી આવક તો તે જે કાંઇ બચાવે છે તે છે. કેટલા લોકો મિતવ્યયિતાને ભૂલથી કૃપણતા સમજે છે, પરંતુ મિતવ્યયિતા એ કૃપણતા નથી. મિતવ્યયિતાનો એ અર્થ છે કે પોતાની સ્થિતિ તથા આવક અનુસાર અમુક હદ સુધી ખર્ચ કરવો મિતવ્યયિતા એક સદ્‌ગુણ છે, પરંતુ કૃપણતા દુર્ગુણ છે. જગતના અધિકાંશ લોકોની દરિદ્રતા તથા પરાધીનતાનું એક મુખ્ય કારણ એ છે કે તેઓ " થોડી થોડી " બચત કરતા રહેવાનું તુચ્છ સમજે છે જે મનુષ્ય પ્રતિમાસ બે અઢી રૂપિયા પણ બચાવી શકે છે તે વર્ષની આખરે પચીસ ત્રીસ રૂપિયાનો માલીક બની શકે છે, પરંતુ જે મનુષ્ય પોતાની લોલુપતા પૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા ખાતર દરમહિને બે અઢી રૂપિયા નષ્ટ કરી દે છે તે વર્ષની આખરે સંયમી મનુષ્યની તુલનામાં ગરીબજ રહે છે.

પરંતુ એક વાત હમેશાં ધ્યાનમાં રાખવી જોઇએ કે અદ્યાપિ પૈસો આવશ્યક વસ્તુ છે તથાપિ કેવળ પૈસાથીજ મનુષ્યનું જીવન સફળ થઈ શકતું નથી. જે મનુષ્યમાં કોઈ પણ માનસિક ગુણ નથી, જે માનસિક સદાચરણને તુચ્છ સમજે છે, જે હૃદયશુન્ય અને ભૂત દયા રહિત છે તે મનુષ્ય ધનવાન હોય તો પણ કશા કામનો નથી. કેમકે તે પૈસાની એક મોટી થેલીથી વધારે નથી. પઇસાથી પણ અધિક મૂલ્યવાન વસ્તુ મનુષ્યની યોગ્યતા યાને શીલ છે, કેમકે નથી કોઇ એનું હરણ કરી શકતું અને નથી કોઈ એનો નાશ કરી શકતું ઉલ્ટુ તેનાથી મનુષ્યમાં દ્રવ્યોપાર્જન કરવાની શકિત અને પાત્રતા આવે છે. ધનોપાર્જન કરવાની યોગ્યતા એજ ધન છે, કેમકે મનુષ્યના દ્રવ્યનો નાશ થઇ જાય છે, પરંતુ તેની યોગ્યતા નષ્ટ થતી નથી, એથીજ કહેવામાં આવ્યું છે કે:—

नहि धनं धनमित्याहु र्धनमर्जनयोग्यता ।
हीयते हि धनं पुंसां योग्यता न तु हीयते ॥

એટલા માટે પહેલા આપણે પાત્રતા પ્રાપ્ત કરવી જોઇએ. પછી દ્રવ્ય તો છાયાની માફક આપણને અનુસરશેજ.

આ લેખમાં કેટલીક બીજો આવશ્યક વાતો વિસ્તારભયથી લખવામાં આવતી નથી. પ્રત્યેક મનુષ્યે પોતાના આવક ખર્ચનો યથોચિત હીસાબ રાખવો, પોતાનાં જીવનને સંયમશીલ બતાવવું, રૂણરૂપી સર્વ નાશકારક અગ્નિથી હમેશાં બચતાં રહેવું, વિગેરે વિગેરે બાબતો અત્યંત મહત્વપુર્ણ છે. તથાપિ એવા ઘણાં થોડા મનુષ્યો હશે કે જેઓએ ઉક્ત વાતોની અવહેલના કરવાનું કુફલ નહિ ભોગવ્યું હોય અથવા નહિ સમજાયું હોય. તેથી કરીને એ વિષે અહિંયા અધિક લખવાની આવશ્યક્તા જણાતી નથી. રૂણકર્તા અને અસંયમી પુરૂષ સર્વ સ્થળે મળી આવે છે અને તેઓની દશા હમેશને માટે શોચનીય રહ્યા કરે છે. એટલા માટે જે મનુષ્ય ભવિષ્યની આપત્તિઓથી બચવા માટે તથા સ્વતંત્રતા રૂપી સર્વોત્તમ માનવી સ્વત્વ ખરેખરી રીતે પ્રાપ્ત કરવા માટે કાંઈ પણ દ્રવ્ય–સંયમ કરવા ઇચ્છે છે તેણે સૌથી પહેલો પાઠ સંયમશીલ બનીને રૂણ ન કરવાનો શીખવો જોઇએ. પ્રસ્તુત વિષયના સંબંધમાં અંગ્રેજ ગ્રંથકાર બાલ્ટના ઉપદેશનો સારાંશ લક્ષમાં રાખવા યોગ્ય હોવાથી અત્રે આપવામાં આવે છે.

" પ્રમાણીકપણાથી ધનવાન બનવાનો યત્ન કરો, નહીં તો સંતોષપુર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરિદ્ર બની રહો. પુરેપુરી ખાતરી કરી લ્યો કે તમારૂં સઘળું દ્રવ્ય પ્રમાણીકપણાથી અને ન્યાયથી મેળવાયું છે તો તમારૂં સઘળું જીવન વ્યર્થ જશે. કહ્યું છે કે જેણે પોતાનાં અંતઃકરણનો વિવેક ગુમાવી દીધો છે યથાર્થ રીતે તે સંસારની સર્વ સારી વસ્તુઓથી રહિત થઇ ચુકયો છે. વિવેકની સાથે પોતાનાં સ્વાસ્થ્ય તરફ પણ ધ્યાન આપો. જે મનુષ્યની પાસે વિવેક અને સ્વાસ્થ્ય બન્ને વસ્તુઓ છે, તે ખરેખર પ્રભુનો કૃપાપાત્ર બની શકે છે. ત્રીજી વસ્તુ છે દ્રવ્ય–તેનો અનાદર ન કરો, પરંતુ એટલું સ્મરણમાં રાખો કે મનુષ્યજીવનમાં ધનવાન બનવાની કશી ખાસ આવશ્યક્તા નથી."

# પ્રેરણા અને આરોગ્ય.

લે૦ રા. રા. ભાનુપ્રસાદ ચકુભાઇ દેશાઇ, બી. એ.—( પાટણ )

By holding the thought of what the wish to become we can in a large measure become what the desire.

Man is beginning to find that the same principle which created him, repairs and restores him.

( જેવા થવાની ઈચ્છા હોય તેવા વિચાર સતત્ કરવાથી આપણે આપણી ઇચ્છાનુસાર જીવન રાખી શકીએ. )

( મનુષ્ય જાતિને હવે લાગવા માંડયું છે કે જે મહાન્ નિયમથી તેની ઉત્પત્તિ થઇ છે તે મહાન નિયમ તેને સુધારે છે અને તેનામાં નવું જીવન રેડે છે ).

એક વિદ્વાન લેખક કહે છે કે તમારો કટ્ટો શત્રુ તેજ છે કે જે તમને જોઇને કહે છે કે આજે તમારી તબીયત સારી હોય એમ લાગતું નથી. તમને શું થયું છે? તેજ ક્ષણથી સામા માણસનાં મનમાં તેવી ભાવના ઉદ્ભવે છે. તમારા મિત્રના પ્રશ્નથી તમારી સઘળી આશાઓ ઉડી ગઇ, એટલુંજ નહીં પણ તમારા મગજ ઉપર એક જાતનું અંધારૂં પ્રસરી રહે છે.

વિચારની અદ્ભુત શકિત નીચેના દૃષ્ટાંત ઉપરથી સિદ્ધ થાય છે. તંદ્રામય (Hypnotism) સ્થિતિવાળા માણસને શકિતના પ્રભાવે ઘણાજ શીતળ, પ્રયોગો પણ ફરફોલા ઉત્પન્ન કરે તેટલો દાહ કરે છે. હવે જ્યારે વિચારનું એટલું સામર્થ્ય છે તો વિચારના બળથી અજીર્ણ વિગેરે અન્ય વ્યાધિઓ દૂર કરી શકાય તેમાં કાંઇ આશ્ચર્ય નથી. હીપ્નોટીઝમની અસરવાળા માણસને એક સ્વચ્છ જળનો પ્યાલો આપવામાં આવે અને તેના મનની અંદર સચોટ બેસાડવામાં આવે કે તે પ્યાલો દારૂથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભરેલો છે તો તે માણસ દારૂડીઆની માફક ચેષ્ટા કરે છે. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે માનસિક પ્રેરણાથી કોઈપણ પ્રકારની અસર કરવામાં આવે તે સંભવિત છે.

આવી જાતના અખતરાઓ પ્રાણીઓ ઉપર પણ અજમાવવામાં આવેલ છે અને પ્રાણીઓને પણ વિચારની અસર થાય છે એમ સિદ્ધ કરવામાં આવેલ છે.

માતાઓની બીક, ચિંતા અને ઉપાધીઓની પોતાનાં બચ્ચાંની વ્યાધિ ઉપર ઘણીજ અસર થાય છે તે સુપ્રસિદ્ધ છે. જે વસ્તુઓ પોતાનાં બચ્ચાંના શત્રુ સમાન થશે એવી ધાસ્તી હોય છે તે વસ્તુઓને નબળી માતાનું માનસિક વલણ પોતાના તરફ આકર્ષે છે, બલ્કે આમંત્રણ કરે છે. પોતાના પાડોશમાં પ્રચલિત વ્યાધિનાં ચિન્હો વારંવાર છોકરાંની અંદર જોયા કરવાથી તેની સચોટ છાપ બાળકનાં મગજ ઉપર પડે છે અને પરિણામે તેમની શારીરિક સ્થિતિ બગડવા માંડે છે. જે ગૃહમાં માતા પોતાના સંતાનને વારંવાર વ્યાધિ સંબંધી પુછપરછ કર્યા કરે છે, તેને વારંવાર ઔષધો આપે છે, મતલબ તેમનાં મન ઉપર શારીરિક અવ્યવસ્થાનું એવું આબેહુબ ચિત્ર રજુ કરે છે કે ઘણે ભાગે તેનાં બચ્ચાં માંદાંજ રહે છે. ઘણી શોચનીય વાત છે કે માબાપને પોતાના વિરૂદ્ધ વિચારો અને બીકોને બાળકનાં કુમળા મનમાં દાખલ કરવામાં જે નુકશાન થાય છે તેનો ઘણોજ ઓછો ખ્યાલ છે. વસ્તુત: જે વિચારોથી દૂર કરવા માગે છે તેવાજ વિચારો તેમના હ્રદયમાં ઉંડા ઉતારે છે.

જ્યાંસુધી બાળકો એવો વિચાર કરતાં શીખે કે દુનિયામાં ઘણીજ ખોટી વસ્તુ છે કે જે માણસ સહેલાઇથી અને સહીસલામત રીતે પાર પાડી શકે ત્યાંસુધી ભય અને ચિંતા, વ્યાધિગ્રસ્ત ચિત્રો, આફતોની વારંવાર ચેતવણી, આ કરવું અને આ ન કરવું તે વિષેની સૂચનાઓનાં વાતાવરણમાં ઉછરેલ બાળક વિષે વિચાર કરો, વ્યાધિનો ભય અનિવાર્ય છે એવું જો માબાપના જાણવામાં આવે તો ખરેખર, તેઓ પોતાનાં બાળકનાં મનમાંથી તે દૂર કરવા પ્રયત્ન કરશે; તેઓ કોઇ વખત શારીરિક અવ્યવસ્થાનું ચિત્ર તેમની સમક્ષ રજુ કરશે નહિં.

તેથી ઉલટું, આનંદી, આશાજનક. તંદુરસ્ત વિચારોનો નિકટ સંબંધ તેવાજ ગુણો ઉત્પન્ન કરશે. માંદા માણસની માનસિક સ્થિતિ એવી જાતની હોય છે કે સારા અથવા ખરાબ વિચારની અસર, થોડા અથવા વધતે અંશે તેજ થાય છે. સૌ કોઈના જાણવામાં છે કે આપણે માંદા હોઇએ છીએ ત્યારે આનંદી અને ઉત્સાહી મિત્રના બોલવાથી આપણા હ્રદયમાં આશાનાં કિરણો સ્ફુરે છે, તેથી ઉલટું નિરાશાજનક ચ્હેરાવાળા મનુષ્યો જેઓ આનંદનું છેવટનું કિરણ પણ છીનવી લે છે તેવાની સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલવું પણ ગમતું નથી, તેવા માણસો તેમની પાછળ નિરૂત્સાહ ફેલાવતા જાય છે. બાળકની માફક માંદા માણસને પ્રોત્સાહનની ઘણીજ જરૂરીયાત હોય છે; તેમને આશા રૂપી જળનું સિંચન થયા કરવુંજ જોઇએ.

ભવિષ્યમાં થનાર સર્વમાન્ય પદ્ધતિ પ્રમાણે જો માંદા માણસને, તેનો વૈદ્ય આયા, સંબંધી અને મિત્રો આશા, આનંદી સ્વભાવ અને હિમ્મત આપવા પ્રયત્ન કરે તો તેને કેટલી શક્તિ મળે તેનો ખ્યાલ કરો. જે વૈદ્ય હમેશાં પોતાના દરદીઓને ખાત્રી આપે છે, તેમની રૂઝવવાની શક્તિને ઉત્તેજીત કરે છે, તેઓ હંમેશાં સુધરતા જાય તેમ કરે છે, અને તેમને આશા આપે છે. તેવા આનંદી અને ઉત્સાહી વૈદ્યની રોગી માણસની ઉપર ઘણીજ સારી અસર થાય છે. વૈદ્યના ઔષધો કરતાં તેમના સ્વભાવની ઘણીજ ઉપયોગીતા છે. દરદીઓ તેમના ઉપર કેટલો વિશ્વાસ મૂકે છે, તેમની હીલચાલ તથા ચ્હેરા ઉપરનાં આશાનાં કિરણો તપાસવા કેટલી કાળજી રાખે છે તેનો વૈદ્યોને ભાગ્યેજ ખ્યાલ હોય છે. રોગીને સુધારવા માટે તેની પોતાની શ્રદ્ધાની બહુજ આવશ્યકતા છે. આતુર મન ઉપર પ્રેરણા ઘણુંજ અગત્યનું કામ કરે છે. ધાર્મિક ઇતિહાસના અવલોકનથી આ બાબતને સંપૂર્ણ ટેકો મળે છે. અનેક માણસો, પ્રસિદ્ધ ઝરાઓ, પવિત્ર પાણીનાં સ્નાનથી અને ઔષધીય ગુણવાળાં પાણી પીવાથી રોગ મુક્ત થયાના હજારો દાખલા નજરે પડે છે. જે માણસો હવા અથવા પાણીના ફેરથી તબીયત સુધરે છે એમ માને છે તેઓએ યાદ રાખવું જોઈએ કે વાતાવરણના બદલાવવાથી અથવા માનસિક વિચારોના ફેરફાર થવાથી ઉપરોક્ત પરિણામ આવવા સંભવ છે.

મનનું સમતોલપણું, આશા, હિમ્મત અને આનંદ માંદાને સુધારવામાં ઓષધના કરતાં વધી પડે તેવી અગત્યની વસ્તુઓ છે, માટે તે વસ્તુઓને પ્રોત્સાહન આપવાની જરૂર છે.

આપણી અંદર રહેલ સર્વશક્તિમાન ઉપાયોથી આપણે તદ્દન અજાણ્યા છીએ એજ મોટી મુશ્કેલીની વાત છે. એવું કોઇપણ દરદ નથી કે જેને અટકાવવાનો બલ્કે તદન સુધારવાનો ઉપાય ધાર્મિક પુસ્તકોમાંથી મળી ન આવે. આપણા ધાર્મિક પુસ્તકો પોકારીને કહે છે કે પ્રેમજ ઉત્તમ સુધારક વસ્તુ છે. આનું દૃષ્ટાંત માતાના પ્રેમમાં છે. માતાનો પ્રેમ પોતાનાં બાળકના ભયને અને નાનાં દરદોને કેવી અજાયબી રીતે શાંત કરી શકે છે ? કેવી સ્વાભાવિક રીતે બાળક પોતાને ઇજા થાય કે તરત માતાની સોડમાં ભરાઇ જાય છે, અને પ્રેમાળ હાથના ફરવાથી અને એક બે મીઠા શબ્દોના ઉચ્ચારથી તેને થોડા સમયમાં આરામ થાય છે.

જ્યારે માતૃપ્રેમની આટલી અસર છે તો પછી દૈવી પ્રેમ કે જે નિઃસ્વાર્થ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું તો શું કહેવું ? મતલબ કે તેની અસર અલૌકીકજ છે. જે ઇશ્વરના સાન્નિધ્યમાં રહે છે અને તેના પ્રેમમાં મશગુલ રહે છે, તેને કોઇનો ભય નથી અથવા ચિંતા કે ઉપાધિ નડતાં નથી. કારણકે તે અહોનિશ સર્વ શક્તિમાનની અને અમાપ ડહાપણની છાયા તળે રહે છે.

શાસ્ત્રોનાં અવલોકન ઉપરથી માલુમ પડશે કે સુંદર અને સાત્વિક જીવન, આરોગ્ય અને બળ વિગેરે ઉત્તમ વસ્તુઓ ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખવાથી, તેમને ચાહવાથી, તેમનામાં વિશ્વાસ રાખવાથી સંપાદન કરી શકાય છે. ત્યારે પરમાત્માની સાથે ઐક્યતાની પૂરેપૂરી ખાત્રી થાય છે. તંદુરસ્તી બહાર થી આપણામાં આવતી નથી, પણ આપણે પોતેજ તંદુરસ્તી રૂપ છીએ; આપણે અહીંથી તહીંથી ન્યાયના ટુકડાઓ મેળવતા નથી, પરંતુ આપણે પોતેજ ન્યાયમૂર્તિ છીએ; આપણે સત્યના અંશો ગમે તે સ્થળેથી પ્રાપ્ત કરવાના નથી, બલ્કે આપણેજ સત્ય સ્વરૂપ છીએ એવું જ્યારે ભાન થાય ત્યારેજ ખરૂં જીવન શરૂ કર્યું કહેવાય. ઘણા મનુષ્યો પોતાનાં હૃદયમાં રહેલી ઉત્તમ શક્તિઓથીજ દરેક પ્રકારનું દુઃખ દૂર કરવાને સમર્થ છે, તે વાતથી વાકેફ છે, પરંતુ તેનો કેવી રીતે સદુપયોગ થાય તેની માહીતી નથી. આપણામાં દૈવી શક્તિ છે એમ તો સૌ કોઇને લાગે છે. માંસમાં માંસ સિવાયની કોઇક એવી શક્તિ છે કે જે માંસના પિંડની પાછળ રહી આપણને જીવન–મુક્ત કરશે અને સર્વ સુખી સ્થિતિમાં મૂકશે કે જે સ્થિતિ અનુભવવાનો રાજાઓના રાજાના છોકરાંનો સંપૂર્ણ અધિકાર છે એમ આપણને સ્વાભાવિક રીતે પ્રતીત થાય છે.

# ગ્રંથાવલોકન.

## જૈન કોમની કેળવણી સંબંધી સ્થિતિનું દિગ્દર્શન.

બંધુ નરોતમદાસ બી. શાહ મુંબઇ કે જેઓ જૈન કોમમાં કેળવણીની વૃદ્ધિ કેમ થાય તેવા અનેક પ્રયત્નો ઘણા વખતથી કરી રહેલા છે તે બંધુએ હાલમાં “ જૈન કોમની કેળવણી સંબંધી સ્થિતિનું દિગ્દર્શન ” જૈન કોમને કરાવવા એક બુક પ્રસિદ્ધ કરી છે. તેમાં કેળવણી સંબંધી અનેક બાજુથી તપાસ કરી જે નિબંધ લખ્યો છે તે ખરેખર સ્તુત્ય પ્રયાસ છે તેટલુંજ નહીં, પરંતુ જૈન કોમમાં કેળવણીનો કેટલો બધો અભાવ છે તે સંબંધી જૈન પ્રજાને માહેતગાર થવા માટે એક પુરતું સાધન ઉપરોક્ત નિબંધ લખી પુરૂં પાડેલ છે જે ઉપરથી જૈન કોમે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાગ્રત થવાની જરૂર છે. દિવસાનુદિવસ બીજી કોમની જેમ કેળવણીની વૃદ્ધિ થવાને બદલે આજીવીકા જેવા સાધન માટે ભણવું છોડી દેવાથી ઉચ્ચ કેળવણીમાં સંખ્યા ઘટવા લાગી છે જે શોચનીય છે.

આ બુકમાં જૈન પ્રજાના કેળવણીના લગતા સ્વાલ માટે કેળવણી ખાતાના વિદ્વાનો સાથે બંધુ નરોતમદાસે કરેલો પત્રવ્યવહાર, સુચનાઓ અને આગેવાનોની ફરજને લગતી દરેક હકીકત ખાસ વાંચી મનન કરવા જેવી છે.

આગેવાનો–શ્રીમાનોની ફરજ છે કે જૈન કોમમાં એક પણ વિદ્યાર્થી કે કન્યા કેળવણી લીધા સિવાય ન રહે તેવો પ્રયત્ન થવાની જરૂર છે. તેના સિવાય ચાલી શકવાનું નથી આ મહત્વના કાર્યને માટે જૈન પ્રજાએ જલદીથી જાગૃત થવાની જરૂર છે. આ પ્રયાસ માટે બંધુ નરોતમદાસને અમો ધન્યવાદ આપીયે છીયે. તેમણે પ્રગટ કરેલ તે બુક ( નિબંધ ) સર્વ જૈન બંધુને વાંચવાની ભલામણ કરીયે છીયે. તેની અલ્પ કિંમત માત્ર ત્રણ આના છે. મળવાનું ઠેકાણું તેમને ત્યાં નં. ૧૫૫ મેમનવાડા રોડ–મુંબઇ.

" **શ્રી મહાવીર જૈન વિદ્યાલય** "—નો છઠ્ઠા વર્ષના રીપોર્ટની એડવાન્સ કોપી અમોને અભિપ્રાય માટે મળી છે, જે વાંચતા તેની વ્યવસ્થા અમોને બરાબર જણાઈ છે. આ સંસ્થાને દરેક રીતે સહાય આપવાની જૈન પ્રજાએ જરૂર છે. કેટલાક સમય પછી તેમાંથી અનેક વિદ્વાનો કેળવણી લઇ તૈયાર થશે. કેટલાક વખતથી યુરોપ અમેરિકા જઇ અમુક પ્રકારની કેળવણી લેવા માટેનો જે પ્રયત્ન શરૂ કર્યો છે તે પ્રશંસનીય છે. પરિક્ષાનું પરિણામ પણ ઠીક આવતું જણાય છે. ધાર્મિક શિક્ષણ પણ બંધુ વ્રજલાલજી જેવા યોગ્ય પંડિત નરથી અપાતું હોવાથી તેની પણ પ્રગતિ થવા સંભવે છે. આવી સંસ્થાઓમાં તેના મુખ્ય નાયકો સાથે રહેનારા આગેવાનોએ આંતર વ્યવસ્થા ઉપર જેમ વધારે ધ્યાન આપવાની જરૂર છે તેમ બારીકાથી વિદ્યાર્થીઓના વર્તન ઉપર ખાસ ધ્યાન આપવાનો તે કરતાં વધારે જરૂર છે.

આ સંસ્થા એક ત્રિમાસીક પત્ર પ્રકટ કરવાનો વિચાર ધરાવે છે તો ધર્મની મર્યાદમાં રહી નિડરપણે, નિસ્વાર્થપણે, પ્રમાણીકપણે, સ્વતંત્રરીતે સામાજિક જૈન ધાર્મિક વ્યવહારિક સમયને અનુસરતા વિષયો પ્રકટ થાય તે ઇચ્છવા યોગ્ય છે. મકાન માટે જૈન પ્રજાએ આર્થીક સહાય આપવાની જરૂર છે. અમો આ સંસ્થાની દિવસનાનુદિવસ પ્રગતિ થાય, અનેક જૈન વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ લઇ જૈન ધર્મની ઉન્નતિ કરનારા થાય તેવું ઇચ્છીયે છીયે.

# વર્તમાન સમાચાર.

## ( પાટણમાં જગતગુરૂ શ્રી હીરવિજયસૂરીશ્વરની જયંતી પ્રસંગે જૈન સમાજમાં થયેલો સુધારો. )

જે મહાત્માનો દીક્ષા મહોત્સવ પાટણમાં થયેલો અને જેમના પવિત્ર મૂર્ત્તિ શ્રી પંચાસરા પાર્શ્વનાથના પબ્લીક દેવલને લગતા ગુરૂ મંદિરમાં બિરાજમાન છે તેવા શ્રી હીરવીજય સૂરીશ્વરજીની જયંતી સાગરના ઉપાશ્રયે ઉજવાઇ તે પ્રસંગે મહારાજશ્રી હંસવિજયજી મહારાજ સાહેબે પોતાના પ્રમુખ તરીકેના ભાષણમાં સૂરીશ્વરનો પરીચય કરાવતાં જણાવ્યું હતું કે ભારતવર્ષના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેહેનશાહ અકબરની સાથે સૂરીશ્વરનો પરીચય થવામાં મૂલ કારણ છ મહિનાના ઉપવાસ કરનાર શ્રીમતી શ્રાવિકા ચંપાબાઇની તપસ્યાનો વરઘોડા અને તે વારંવાર થતો શ્રી હીરવિજયસૂરિજીનો જયઘોષ છે તે સંબંધિ સવિસ્તર વિવેચન કરી તેમની રતનબાઇ નામા શ્રાવિકા કે જેનું બનાવેલું ગીત જૈનપત્રમાં છપાયું છે તેણીયે રેંટીયાનો ઉદ્યોગ કરી પોતાનું દ્રારિદ્ર દૂર કરેલું અને શ્રી સિદ્ધાચલજીનો સંઘ કાઢેલો જે સંઘમાં જગતગુરૂ પોતે પણ હતા અને તેમની સાથે ૩૫ ઉપાધ્યાય અને તેરસેંને પાંત્રીસ શ્રી તપગચ્છના સાધુ હતા. વિગેરે અનેક ધર્મકાર્યો તેણીયે કર્યાં તેનુ બ્યાન કર્યું હતું તથા ઊના શહેર કે જ્યાં સૂરીશ્વરનો સ્વર્ગવાસ થયો છે તેની નિકટમાં રહેલા શ્રી અજારાપાર્શ્વનાથના તીર્થની ઉત્પત્તિ અને અઢાર લાખ વર્ષ પહેલાંની તે મૂર્ત્તિનું ચમત્કારી બ્યાન કર્યું હતું તથા સૂરીશ્વરજીને જ્હાં અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો તેમાં ભક્ત શ્રાવકોએ પંદર મણ સુખડ અને ત્રણ મણ અગર. ત્રણ શેર કપુર, પાંચ શેર અત્તર. બસેર કસ્તૂરી અને ત્રણ શેર કેશરનો સદુપયોગ કર્યો હતો. તેમનો સ્વર્ગવાસ સાંભળી બાદશાહ ઘણો દિલગિર થયો હતો અને તેમની સ્તુપ વાસ્તે બાવીસ વિઘા જમીન અર્પણ કરી હતી ત્યાં બનેલી સ્તુપમાં સૂરીશ્વરનાં પવિત્ર પગલાં લાડકીબાઇ નામા ધર્માત્મા શ્રાવિકાએ પધરાવેલાં છે. જેમાં સંસ્કાર થયો હતો તે વાડીમાં આવેલાં આંબાનાં વૃક્ષો અકાલે ફલના ભારથી નમી પડ્યા હતાં. ઇત્યાદિ સૂરીશ્વરનો પરીચય કરાવ્યા બાદ મહારાજશ્રીએ કહ્યું હતું કે પાટણ શહેરમાં વખતો વખત અનેક ચોમાસાં કરી સૂરીશ્વરે અત્રેના સંઘ ઉપર મહાન્ ઉપગાર કરેલા છે વાસ્તે તેમની જયંતીની યાદગિરીમાં કાંઈ કરી બતાવવું જોઇએ તેને માટે હાલ વિધવાઓના ખુણામાં સુધારો કરવાની આવશ્યકતા છે એટલું કહી પોતાનું વ્યાખ્યાન બંધ કરતાં નગરશેઠ પોપટલાલે કહ્યું કે આજે બધી નાતોના શેઠીયા હાજર નથી વાસ્તે આ બાબતનો વિચાર કરવા ભાદરવા શુદિ ૧૪ ના દિવસે ફરી સભા ભરાશે એવો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો.

## નીચેના ગ્રંથો અમોને ભેટ મળ્યા છે જે ઉપકાર સાથે સ્વીકારીયે છીયે.

૧ શ્રીમાલી વાણીયાના જ્ઞાતિ ભેદ—( શ્રીમાળી, ઓસવાળ પોરવાડની ઉત્પત્તિ શાહ ચિમનલાલ ખુશાલચંદ સુરત જૈનબંધુ મંડળ અભિપ્રાય હવે પછી.)

૨ રત્નાકર પચીશી મૂળ તથા હિંદિ પદ્ય અનુવાદ સાથે શ્રી આત્માનંદ જૈન સભા, અંબાલા.

૩ શ્રી જયાનંદ કેવળી ચરિત્ર સંસ્કૃત—મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

## માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર સુચના.

નીચે જણાવેલા ત્રણે ગ્રંથો ભેટ આપવાના છે. નં—૧ સંસ્કૃત હોવાથી તેના અભ્યાસી લાઇફ મેમ્બર બંધુના મંગાવવાથી મોકલવામાં આવશે, નહીં મંગાવનારની વતી યોગ્ય સ્થળે ભેટ આપવામાં આવશે. નં—૨—૩ ના ગ્રંથો દરેક લાઇફ મેમ્બરોએ મંગાવવા સુચના છે. પોસ્ટ પુરતા પૈસાનું વી. પી. કરી મોકલવામાં આવશે.

૧ સિદ્ધ પ્રાકૃત (સંસ્કૃત) ૨ શ્રી ઉપદેશ સિત્તરી ભાષાંતર કથાનો ગ્રંથ ૩ શ્રી ચૌદરાજલોકની પૂજા ( કર્તા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ ) તદન નવીન ભક્તિમાં આલ્હાદ ઉત્પન્ન કરાવનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " શ્રી ત્રિભુવનદીપક–પ્રબંધ "

ઉપરોક્ત ગ્રંથ અમોને તેના સંપાદક પંડિત લાલચંદ ભગવાનદાસ તરફથી ભેટ મળેલ છે. આ ગ્રંથ પ્રાચીન ગુર્જર ગિરામાં નવરસ યુક્ત વિવિધ પદ્યોથી રચાયેલ છે. તેના કર્ત્તા જૈન કવિશ્વર શ્રી જયશેખરસૂરિ છે, કે જેઓ વિધિપક્ષ ( અંચલ ) ગચ્છમાં શ્રી આર્ય રક્ષિત સૂરિના પરંપરામાં થયેલા છે. તેઓશ્રીએ ઉપદેશ ચિંતામણિ નામનો સટીક ગ્રંથ સં. ૧૪૩૬ માં નૃસમુદ્ર નગરમાં રચ્યો હતો. એમ તે ગ્રંથની પ્રશસ્તિમાં જણાવ્યાનું આ ગ્રંથની પ્રસ્તાવનામાં કહેવામાં આવે છે. ઉપરોક્ત ગ્રંથ જુની ગુજરાતી ભાષામાં છે કે જે ઘણી પ્રાચીન હોઇને ગુજરાતી ભાષાના જન્મદાતા જૈનો છે એ નિર્વિવાદ સિદ્ધ થાય છે. આ ગ્રંથ આધ્યાત્મિક હોઇ પ્રથમ શરૂઆતમાં આત્મશુદ્ધિની આવશ્યકતા, શાન્તરસની શ્રેષ્ઠતા અને આત્મજ્ઞાનનો પ્રભાવ દર્શાવી આત્મવિચાર સાંભળવા શ્રોતાઓને સાવધાન કરે છે. પરમહંસ–આત્મા ને રાજા અને ચેતના તથા માયાને તેની સ્ત્રી કલ્પી માયાની સંગતિથી પરમહંસ રાજા દુઃખ ભોગવે છે અને ચેતનાની સંગતિથી છેવટ પરમ જ્યોતિ પ્રાપ્ત કરે છે તે ઉપર આખી કથા છે. આ લઘુ ગ્રંથ અધ્યાત્મિક અને રસથી ભરપુર હોઇ અમો વાંચવાની સર્વને ભલામણ કરીયે છીયે. તેમજ આવી પ્રાચીન ગુજરાતી રસીલી ભાષાનો આ ગ્રંથ પ્રસિદ્ધ કરી જૈન સાહિત્યમાં વૃદ્ધિ કરવા માટે પ્રકાશકને ધન્યવાદ આપીયે છીયે.

કિંમત આઠ આના. મળવાનું ઠેકાણું.

પંડીત લાલચંદ ભગવાનદાસ.

અમદાવાદી પોળ–વડોદરા.

---

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
૨ જૈન મેઘદૂત સટીક
૩ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૪ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
૫ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
૬ શ્રી કલ્પસૂત્ર–કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમના ધર્મપત્નિબાઇચુનીબાઇનીદ્રવ્યસહાયથી.
૭ ષટ્સ્થાનક સટીક.
૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૯ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૧૦ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ સટીક.
૧૧ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
૧૨ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૧૩ જૈન ગ્રંથ પ્રસસ્તિ સંગ્રહ.
૧૪ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૫ ધાતુ પારાયણ.
૧૬ શ્રી નંદીસૂત્ર–શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા. સાથે બુહારીવાળાશેઠમોતીચંદસુરચંદ તરફથી
૧૭ શ્રી મંડલપ્રકરણ શાહ ઉજમશી માણેકચંદ ભાવનગરવાળા તરફથી.
૧૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય. શેઠ પરમાનંદદાસ રતનજી ગોઘાવાળા, હાલ મુંબઇ.
૧૯ ગુણમાળા (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા–નવસારી.
૨૦ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૨૧ દાનપ્રદીપ "
૨૨ સંબોધ સિત્તરી "
૨૩ ધર્મરત્ન "
૨૪ ચૈત્યવંદન મહાભાષ્ય (ભાષાંતર)
૨૫ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)

નંબર ૨૦–૨૧–૨૨–૨૩

૨૪–૨૫ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઔદાર્ય.

" જે મનુષ્યનાં હૃદયમાં બીજાને માટે સ્નેહ, દયા કે અનુકંપા નથી તે જગતમાં સ્નેહ, દયા કે અનુકંપા પામવાને યોગ્ય નથી. જો આપણે બીજાઓ પ્રત્યે બેદરકારી બતાવીએ, તેમનાં સુખમાં આનંદ અને દુઃખમાં સ્હાનુભૂતિ દર્શાવવાથી બેદરકાર રહીએ તો સંભવિત છે કે તેઓ પણ આપણી ઉપેક્ષા કરશે. આમ છતાં કદાચ કોઈ ઉદાર બની આપણા ઉપર મમતા દાખવે, સ્નેહભરી નજરે નિહાળે તોપણ આપણા હૃદયમાં સામાના એ પ્રેમને ઝીલવા જેટલી યોગ્યતા નહિ હોવાથી તેનો એ સ્નેહ આપણાં જીવનને ઉજવાળું કે સુખી બનાવી શકતો નથી. સ્નેહ ઝીલવાની પણ યોગ્યતા હોવાની જરૂર છે અને તે બીજા પર સ્નેહ રાખવાથીજ પ્રાપ્ત થઇ શકે છે. જેનામાં બીજાને માટે સ્નેહની લાગણી નથી અર્થાત્ જે મનુષ્યનાં હૃદયમાં અન્યનો સ્નેહ ઝીલવાની પાત્રતા નથી તેને બીજા મનુષ્યોનો પોતાના ઉપરનો પ્રેમ આનંદ આપી સુખપ્રદ નીવડતો નથી; પરંતુ નિ:સંગ અને કૂર બનાવી દુઃખી દુઃખી કરી મૂકે છે. આટલા માટે જો કે કશા પણ બદલાની આશા વગર બીજાઓને આપણા સ્નેહથી સુખ અને આનંદ આપવા પ્રેરાવું એ ઉત્તમ છે; છતાં તેમ કરવા જેટલી ઉદારતા આપણે ન જ બતાવી શકીએ તો છેવટે બદલાની વૃત્તિ ધારણ કરીને પણ આપણે કેવળ આપણુંજ સુખ અને આનંદની ખાતર બીજાઓ ઉપર સ્નેહ રાખવો ઘટે છે. આમ છતાં જેઓ આ બે બાબતમાંથી એ કે તરફ લક્ષ ન આપતાં માત્ર વાડ જ કરવાનો અર્થાત્ બીજાઓને પોતાનાથી અલગ રાખવાનો પ્રયત્ન કરે છે તે જાતેજ સમાજથી અલગ પડી જાય છે. કોઈ પણ મનુષ્ય તેની સોબતમાં રહેવાનું પસંદ કરતો નથી. અને આ વિશાળ જગત્માં અસહાય એકલો પડી સ્નેહશૂન્ય હૃદયે માર્યો માર્યો ફરી મહાન દુઃખની વચ્ચે જીંદગીનો અંત આણે છે.

" આપણું કર્તવ્ય આટલામાં જ સમાપ્ત થતું નથી. 'હું' અને 'મારૂં' એવી સંકુચિત દ્રષ્ટિ જીવનને સ્વાર્થી અને કંગાલ બનાવી મૂકે છે, જ્યારે 'અમે' અને 'આપણું" ની વિશાળ ભાવના હૃદયને ઉદાર કરી જીવનને ઉજ્જવલ, અનુરાગમય અને સુખી બનાવે છે. આટલા માટે સ્વાર્થી અને એકલપેટાપણાના ભાવો ત્યાગવા એ જરૂરનું છે. આ વિશ્વમાં જ્યાં ત્યાંથી ભેગું કરી આપણી ક્ષુદ્ર વૃત્તિઓને પોષવાને આપણે જન્મ્યા નથી, પરંતુ આપણી પાસે જે કાંઇ હોય તેનો છૂટથી બીજાનાં ભલામાં ઉપયોગ કરી જગત્ પ્રત્યેનું આપણું ઋણ અદા કરવાને માટેજ આપણો જન્મ છે એ ખાસ કરીને લક્ષમાં રાખવા જેવી વાત છે. "

" સુખ શાંતિ-વિચારણા " માંથી

For Private And Personal Use Only